• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# c અનુક્રમણિકા c


| | | |
|---|---|---|
| શાંતિ આપે તેને સંત કહિયે | યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પૂ. માનું ભારત આગમન અને દીપોત્સવી પર્વ | નારાયણ હ. જાની | ૧૦ |
| પૂ. શ્રી માની સંનિધિમાં દિવાળી પર્વની ઉજવણી | ડૉ. બી. જે. જાગાણી | ૧૮ |
| સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરી | પ્રા. તરલાબહેન દેસાઈ | ૨૭ |
| સ્વામી શ્રી શિવપાદાનંદજી | મા સ્વેશ્વરી | ૪૫ |
| મા સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ | શ્રી ઈશ્વરભાઈ ભક્ત | ૫૨ |
| પૂ. માની નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૬૦ |
| અગણિત આશિષ વરસેલા છે | ડૉ. પ્રકાશ ગજ્જર | ૬૩ |


## r ભક્તિસુધા r

અંતરની અતિ પ્રીતથી, ભૂલી તનમન—ભાન;
પ્રભુના શુભ ગુણોતણું, કદા કરીશ હું ગાન? ૬૭
પ્રભુના શુચિ ચરિત્રમાં, લાવી પ્રેમ અપાર;
તેનું ગાન કદા કરીશ? તરવા આ સંસાર. ૬૮
પ્રભુના મહિમાનું સદા, કરું પ્રીતથી ગાન;
કદા દિવસ એ આવશે? એજ નિરંતર ધ્યાન. ૬૯

(મહારાજશ્રીનથુરામશર્મા)

# શાન્તિ આપે તેને સંત કહિએ

યોગેશ્વરજી

ભક્ત કવિ નરસિંહ મહેતાએ એક પદમાં ગાયું છે:—

શાંતિ આપે તેને સંત કહિયે,
તેના દાસના દાસ થઈને રહિયે.
શાંતિ આપે તેને સંત કહિયે.

જે અન્યને શાંતિ આપે તેને સંત કહેવાય. એવા સંતપુરુષના સેવક બનીને, એમની જીવનપર્યંત સેવા કરીએ તો પણ છે. એવા સંતપુરુષના આદેશાનુસાર ચાલીએ અથવા એના દાસ કે દાસાનુદાસ બનીને રહીએ તો જીવનના આધ્યાત્મિક વિકાસ માટે કલ્યાણકારક થાય. એનું દર્શન, સંભાષણ, ચિંતન, મનન, નિદિધ્યાસન સઘળું આશીર્વાદરૂપ ઠરે. એની મદદથી આપણી સુષુપ્ત શક્તિઓ જાગ્રત બને. શિલ્પની પેઠે પ્રસુપ્તાવસ્થામાં પડેલો પ્રાણ એના સુખદ શાંત સંજીવન સ્પર્શથી નવજીવન પામીને અવનવા આહલાદ આપ્લાવિત બનીને ઝંકૃત કરે, મહોત્સવ માણે, એ શાંતિ તો આપે જ પરંતુ સાથે સાથે જીવનને અસત્યમાંથી પરમસત્યમાં, અનિત્યમાંથી નિત્યમાં, પરિવર્તન-શીલમાંથી અપરિવર્તનશીલમાં, અવિદ્યારૂપી અંધકારમાંથી પ્રજ્ઞાના પવિત્રતમ પ્રસન્ન પ્રદેશમાં, મૃત્યુમાંથી અમૃતપદમાં પ્રવેશ કરાવે. જીવનની આમૂલ કાયાપલટ કરે.

સંતનો સમાગમ માનવ શા માટે શોધે છે? કેટલાક લૌકિક હેતુઓની પૂર્તિને માટે શોધતા હશે. બીજા કેટલાક જિજ્ઞાસાના શમન માટે, તો કેટલાક આત્મોન્નતિની અભિલાષાથી પ્રેરાઈને



આત્મોન્નતિના પાવન પંથે પ્રયાણ કરતા કે પ્રાણવાન પગલાં ભરીને પ્રગતિ કરવા માટે. હેતુ ગમે તેવો હોય તો પણ સૌ શાંતિને શોધે છે. શાંતિની ઇચ્છા રાખે છે, ને સંતની સંનિધિ દ્વારા ઓછા કે વત્તા પ્રમાણમાં એવી શાંતિ સાંપડે છે. સંતનો સમાગમ અશાંતિ ભાગ્યે જ પેદા કરે છે.

પરંતુ શાંતિ આપે કોણ? જે સરિતામાં સલિલ હોય છે તે જ બીજાને સલિલ અર્પી શકે છે. જે પ્રદીપની પાસે પ્રકાશ હોય છે તે જ અન્યને પ્રકાશ પહોંચાડી શકે છે. પુષ્પની પાસે પરિમલ, ચંદ્રની પાસે ચાંદની, વૃક્ષની પાસે શીતલ છાયા ના હોય તો તે અન્યને પરિમલનું, ચાંદનીનું, છાયાનું દાન કેવી રીતે દઈ શકે? સંત પુરુષ પાસે શાંતિ હોય, સંતપુરુષ એ શાંતિનું મૂર્તિમંત સ્વરૂપ હોય તો જ અન્યને શાંતિ સમર્પી શકે. અન્યની અંદર શાંતિને સંક્રાત કરી શકે. સૌથી પ્રથમ તો સંતે શાંતિની, પરમ સનાતન શાંતિની સાધના કરીને એને હસ્તગત કરી હોવી જોઈએ. સંતને એવી સનાતન શાંતિના શ્રી વિગ્રહ સમાન માનવામાં આવે છે. એની આંખમાં શાંતિ, વાણીમાં શાંતિ, એના હલન ચલનમાં શાંતિ, મનમાં શાંતિ, વિચારોમાં, ભાવોમાં, સંકલ્પ વિકલ્પમાં શાંતિ, અંગેઅંગમાં અને રોમેરોમમાં શાંતિ. રક્તના રણકારમાં શાંતિ. શાંતિ શાંતિ અને શાંતિ. શાંતિ એના વ્યક્તિત્ત્વનું, અવિભાજ્ય અભિન્ન અંગ વિશેષ બનીને બેસી જાય છે, એણે શાશ્વત શાંતિ સ્વરૂપ પરમાત્માની પૂજા, પ્રીતિ, આરાધના કરીને એમનું અનુસંધાન સાધ્યું હોવાથી એ સ્વયં શાંતિ સ્વરૂપ બન્યો હોય છે. એની અંદરથી શાંતિનો પ્રબલ પ્રવાહ વહ્યા કરે છે. એટલે જ એના સંસર્ગમાં સૌને શાંતિ સાંપડે છે. એનું એ સૌથી મોટું પ્રદાન હોય છે.

શ્રીમદ્ભાગવતમાં સ્વનામધન્ય શ્રી શુકદેવજીએ કહ્યું છે કે જેનું મન શાંત છે તે સંત છે. એમની એ સંત વ્યાખ્યા ખૂબ જ સૂચક છે. મન અશાંત કેમ હોય છે? અહંકાર, મમતા, ભય, રાગદ્વેષ, દૂન્યવી તૃષ્ણાઓ, એટલે અવિદ્યાને લીધે. સંતે એ અવિદ્યાનો અંત આણીને જીવનને નિર્મળ, નિર્મમ, નમ્ર, નિર્વાસનિક, પ્રભુપરાયણ કર્યું હોવાથી શાંતિની સંપ્રાપ્તિ કરી હોય છે. સંતનો વેષ સજ્જવાથી સાચા સંત નથી થવાતું. નામ બદલવાથી, સ્થાનાંતર કરવાથી કે કાર્યને ત્યાગવાથી પણ સંત નથી બનાતું. સંતની અનિવાર્ય આવશ્યક્તા સાત્ત્વિકતા છે. ભગવદ્ભજન ને ભગવદ્પ્રેમ છે. નિત્યાનિત્ય વસ્તુનો વિવેક તથા વૈરાગ્ય છે. શમદમાદિ છે. વિચાર, ભાવ, વ્યવહારની વિમળતા છે. એ જ માનવને સાચા અર્થમાં સંત બનાવે છે. એવા સંત શાંતિ આપે છે. એનાથી અધિક અગત્યનું બીજું શું આપી શકાય? એનું મૂલ્ય બીજા બધા જ દુન્યવી દાનથી મોટું છે. માટે જ એને આપનારની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરવામાં આવે છે. એને પ્રણમ્ય ગણવામાં આવે છે.

**e જન્મદિનની શુભકામનાઓe e**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩, નવેમ્બરના રોજ આવે છે. સને ૨૦૦૯ ના આ મંગલ દિને પૂ. મા ૬૬ વર્ષ પૂરાં કરીને, ૬૭ મા વર્ષમાં પ્રવેશ કરશે.

ગુરુ ભગવંત શ્રી યોગેશ્વર પ્રભુને આપણે સૌ પ્રાર્થના કરીએ કે નવું વર્ષ તેમને માટે ખૂબ ખૂબ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરાવનારું તેમજ ઉત્તમ આરોગ્ય પ્રદાન કરનારું બની રહો.

ભાવનગર તા. ૬–૧૧–૦૯ **–સમગ્ર યોગેશ્વર પરિવાર**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૨ નવેમ્બર–૨૦૦૯ અંક ૨**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**શનિવાર તા. ૧૩–૨–૮૨**

**સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપૂરી**

સવારે પૂ. શ્રી પોતાના નિત્યકર્મ પ્રમાણે વ્યાયામ કરી લે છે. લેખનકાર્ય ૧૧–૩૦ સુધી ચાલુ જ રહે છે. સર્વેશ્વરી વિદેશ યાત્રાના ફોટાઓ અંગેનું કામ કરે છે.

પૂ. શ્રી એથી ટકોર કરતાં કહે છે. પૂર્વ જન્મે ફોટાઓની વાસના હતી કે શું! ફોટાઓ વ્યવસ્થીત કરવા પાછળ તમારો ઘણો સમય જાય છે ખરૂં!

પૂ. શ્રીની ટકોર સાચી ને સમયસરની હતી.

આજે ભોજનમાં પૂ. શ્રીને ખીચડી ને શાક લીધું. ભોજનબાદ મુલાકાત શરૂ થાય છે.

આજે કોસંબાથી પણ સરતિયાભાઇ પૂ. શ્રીને મળવા આવે

છે. બીજાં પણ ઘણાં ભાઈબેનો બેઠાં છે.

શ્રી સુરતિયા નવયુવાન છે. તેઓ પોતાની માંગણીઓ રજૂ કરતો એક કાગળ પૂ. શ્રીને પ્રણામ કરી આપે છે.

પૂ. શ્રી : નોકરી ક્યાં કરો છો!

તે ભાઇ : નવસારી. પણ ફાવતું નથી. બદલી થાય તો સારું.

પૂ. શ્રી : જુઓ, અમને પણ ક્યાં આ ફાવે છે. (બેસવાની ખુરશી) છતાં ફવડાવવું પડે છે. પ્રભુ યોગ્ય લાગશે તો બદલી કરાવશે. એક ભાઇને બદલી કરાવવી ન હતી, છતાં બદલી થઇ, પણ ત્યાં તેને કોઇને ન થાય તેવો ફાયદો થયો. તે સ્થાનમાંથી મેડિકલ કોલેજમાં સીટ પોતાની દીકરીને વિના પ્રયત્ને મળી ગઇ. બીજી જગ્યામાં નોકરી હોત તો છોકરીને એ ન મળત. બોલો, પ્રભુને યોગ્ય લાગે તે કરશે.

પૂ. શ્રી પેલા ભાઇએ આપેલા કાગળમાંથી વાંચીને કહે છે.

તંત્રની સાધના કરશો નહીં. પૈસા બરબાદ થાય. તંત્ર નહીં મંત્ર જ જપો.

નોકરી ચાલુ રાખો. ખેતી ઉપર ધ્યાન રાખો.ખેતી તો સંયુક્ત હોય તેમાં ૧૫ લાડુ હોય ને તે ૫ ખાનારા હોય તો ત્રણ ત્રણ જ આવે. એના કરતાં નોકરી ચાલુ રાખો.

જગદંબાના દર્શનની ઇચ્છા સારી છે. પ્રયત્ન કરો. એ માટે ટાઇમટેબલ બનાવી દો.

લોટરીની ટિકિટ મફતિયા પૈસા શા માટે ઇચ્છો છો? નોકરીમાંથી જ બચત કરી ધર્મકાર્ય કરતા રહો. ધર્મ કાર્ય માટે લોટરીના ઇનામની રાહ ન જુઓ.



લોટરીની ટિકિટમાં ઇનામ લાગે તો સાધનભજનમાં સારો સમય અપાય. પણ પ્રભુની કૃપા થાય તો બધી જ સગવડ આપોઆપ થઇ જાય. જેટલી ભક્તિ કરો એટલો લાભ જ થશે.

ગાયત્રીમંત્રમાં એક જ દેવ પરમાત્મા જ છે.

તે ભાઇ : લોટરીના પૈસા આવે તો શિબિરમાં, યજ્ઞમાં મારાથી છૂટથી ખર્ચ થાય ને! નવચંડી વગેરે કરાવવું છે.

પૂ. શ્રી : યજ્ઞ તો ધુમાડા જ છે. નવચંડી, દશચંડી બતાવું! ઉનાળામાં એ યજ્ઞ ફાવે તો કરો. તાપમાં શાળાએ જતા ચંપલ વિનાના બાળકોને નવા ચંપલ તમે જ પહેરાવો. અરે, ચોમાસામાં છત્રી વિનાના વિદ્યાર્થીઓને છત્રી આપો, એ જ નવચંડી થઇ જશે.

અને શિબિરમાં ખર્ચ કરવો છે તો શિબિરમાં તો સૌ પૈસા આપે છે. પણ જેને તમે ઓળખતા હો ને તે શિબિરમાં આવવા ઇચ્છતો હોય તેની પાસે પૈસા ન હોય તો તેવી બે ત્રણ વ્યક્તિનો ખર્ચ તમે ઉપાડી લો—તો આ યજ્ઞ જ છે.

અમારી સરળગીતા ૧૦ ખરીદો તમારા તરફથી. જેને જરૂર હોય ને રસ હોય તેને વહેંચો.

પ્રશ્ન : દેવદેવી નીચે યંત્ર હોય છે પણ ગણપતિ નીચે તંત્ર કેમ નથી?

પૂ. શ્રી : ગણપતિ વેદકાળના દેવ છે, ત્યારે તંત્રમાર્ગ ન હતો, પાછળથી તંત્રમાર્ગ શરૂ થયો. જેમાં યંત્ર સાથે સંબંધ છે એવાં મંદિરોમાં પણ યંત્ર જ હોય છે, મૂર્તિ નથી.

તંત્રમાર્ગે મંત્રની શુદ્ધિ, ક્રિયાની સચોટતા, નિયમોની શુદ્ધિ જરૂરી છે. નહીં તો અસર જ અવળી થાય.

મંત્રમાર્ગમાં મંત્ર એકવાર અશુદ્ધ હોય પણ ભાવના સાચી હોય તો પણ ભાવના ફળે.

આજની મુલાકાતમાં લોટરીની ટિકિટ ઉપર પૂ. શ્રીએ ખૂબ જ વિસ્તૃત ચર્ચા કરી. મુલાકાતીઓને હસાવ્યા.

મુલાકાત પૂરી થતાં શ્રી નંદુભાઇ સાથે થોડી વાતો થઇ. પૂ. શ્રીએ આરામ કર્યો.

સાંજે પ્રવચન માટે જવાનું બન્યું. આજે મુંબઇ માધવબાગના પ્રવચન માટે પરમશક્તિએ હા પાડી. પરિણામે તા. ૨૪ થી ૩૧ મુંબઇ જવાનું બનશે.

પ્રવચન બાદ હળવો નાસ્તો લઇ આરામ. હરિઃ ૐ

**(ક્રમશઃ)**

માલિકી હક્ક સંપૂર્ણ જતો રહેવો જ જોઇશે,
સર્વસ્વ માત્ર માલિક શ્રીહરિ એકલાની છે.
શરણુ સદગુરુનું જે પ્રેમભક્તિથી લે હદે,
ઉર્ધ્વગતિ થયા વિના તેવાની ના કદી રહે.
**–પૂ. મોટા**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : **૯૩૭૪૭૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**p કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ p**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ.મા સર્વેશ્વરીનું ભારત આગમન અને સ્વર્ગારોહણમાં દીપોત્સવી પર્વ

**–નારાયણ હ. જાની**

## પૂ.માનું ભારત આગમન

પૂ.મા સર્વેશ્વરી આ વર્ષે(૨૦૬૫ની દીવાળી) પરદેશ–એટલે અમેરિકાથી સીધાં અંબાજી આવ્યાં. અરે, ક્યાં અમેરિકા અને ક્યાં અંબાજી! પૂરા ૪૦ ક્લાક ઉપરનો વિમાનનો અને અન્ય એકધારો પ્રવાસ ખેડી–અમેરિકા થી ઇંગ્લેન્ડ થઇ–મુંબઇ અને ત્યાંથી સીધાં અમદાવાદ–ને પછી ત્યાંથી મોટરમાં ધનતેરસે અંબાજી આવી ગયાં. કોઇને કલ્પના પણ નહિ કે પૂ.મા આ તહેવારોમાં અચાનક આ રીતે પ્રગટ થશે. પૂ.માના આગમનના સમાચાર વિના અખબાર કે રેડિયાના સહારા સિવાય–યોગેશ્વર પરિવારોમાં ઝડપથી આનંદની લહેર જેમ ફેલાઇ ગયા. તો જેમને અનુકૂળતા હતી તે પોતાનાં વાહનોમાં, તો બીજાંઓ રેલ્વે અને બસથી સ્વર્ગારોહણ સીધાં પહોંચવા નીકળી પડ્યાં.

સહુને થયું હાશ–પૂ.મા આવી ગયાં. હવે તહેવારોમાં સામાજિક સંબંધો સાચવવાની દારૂખાનાના ધૂમાડા અને મોટા ફટાકડાના અવાજોમાંથી મુક્તિ મળશે, ઘરની સફાઇ તો ઠીક–પણ આ મોંઘવારીમાં દીવાળી નિમિત્તે બનાવવાની થતી વાનગીઓમાંથી પણ છૂટકારો.

સાચી વાત છે. પૂ.માની સ્વર્ગારોહણમાં ઉપસ્થિતિ એટલે જાણે સહુને મોસાળ કે બેનોને પીયર જવા જેટલો આનંદ, ઘરની કે બાળકોની, રસોડાની કે ખરીદીની–બધી જ પ્રવૃત્તિઓ ને

જવાબદારીમાંથી મુક્તિ. આવી હળવાશ માનવ પોતાના જીવનમાં ભાગ્યે જ પામતો હોય છે.

અમને થયું પૂ.મા આ રીતે અચાનક જ આટલું બધું કષ્ટ ઉઠાવી શા માટે ભારત પધાર્યાં! એમને વ્યક્તિગત રીતે શું મેળવવું હતું?—પૂ.માનો એક સ્વભાવ છે કે તેઓ ગમે ત્યાં હોય—પણ એમની સાધના તો અવિરતપણે ચાલતી જ રહે. પછી ભલેને તેઓ અમેરિકામાં હોય કે અંબાજીમાં તો પછી ૪૦ ક્લાક વિમાનની સાંકડી બેઠકોમાં પાણી પીધાં સિવાયનું પ્રવાસનું કષ્ટ પૂ.માએ એટલા માટે ઉઠાવ્યું કે તેમના સાધક બાળક ભાઈબેનોને તહેવારોમાં પોતાની ઉપસ્થિતિ અને સાન્નિધ્યનું સુખ આપી શકે. કેવી કરુણા! આ શુભ ને માંગલિક દિવસો—કેવળ સાંસારિક વ્યવહારોની સાચવણીમાં વેડફાઈ ન જાય તેને બદલે પ્રભુ સ્મરણ અને મનનમાં વીતે. જેથી તેમનું મંગલ થાય. નવું વર્ષ સાચા અર્થમાં ભૌતિક ઉન્નતિ સાથે નવો આધ્યાત્મિક ઉજાસ લાવનારું બની રહે. પૂ.માના મનમાં ઉદ્ભવેલા આ મંગલમય સંકલ્પમાં કેવળ સાધકો ને ભક્તો પ્રત્યેની કરૂણા જ કામ કરી ગઈ; એવું નથી લાગતું શું?

## ધનતેરસ

ધનતેરસના દિવસે પ્રવાસમાંથી આવતાં જ પૂ.મા ઉપસ્થિતિ સાધકો વચ્ચે પધાર્યાં, પોતે ભારત સુખરૂપ પહોંચી ગયાં તે બદલ પ્રભુનો આભાર માન્યો. તેમજ ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજનનું માહાત્મ્ય સમજાવ્યું. એ ધન સાચું કે જે બીજાના જીવનમાં સુખ શાંતિ અને આનંદ પ્રકટાવવામાં ઉપયોગમાં આવે. તે સાચા અર્થમાં લક્ષ્મી બની રહે. તેઓએ એના ઉપલક્ષ્યમાં સાધકોને લક્ષ્મીનો પ્રસાદ પોતાના સ્વહસ્તે ધર્યો. એટલું જ નહિ છેક લાભ



પાંચમ સુધી સ્વર્ગારોહણ પૂ.માના દર્શન માટે આવતો કોઈપણ સાધક પૂ.માના આ પ્રસાદથી વંચિત ન રહી જાય, તેની પણ પૂ.માએ કાળજી રાખી.

## તહેવારોની ઉજવણી શા માટે?

માનવ જીવનનું પ્રાથમિક ધ્યેય શાંતિ, સુખ અને આનંદ મેળવવાનું છે. દુનિયાના કોઈ પણ ખૂણે જાઓ ને માનવને પૂછો કે તે આ બધી પ્રવૃત્તિ શા માટે કરે છે!—તો જવાબ એક જ મળશે કે તેને સુખ અને આનંદ જોઈએ છે, શાંતિ જોઈએ છે. પણ આવો આનંદ ક્યાં મળે?—શેનાથી મળે, તેની તેને સમજ અને ભાળ નથી.

એટલે તો કોક ક્યાંક ફરવા જાય છે, ઘણી મોંઘી હોટેલોમાં ઉતરે છે, વિવિધ પ્રકારની વાનગીઓ ખાય છે—જુદા જુદા લોકો ને સ્થળોની મુલાકાત લે છે, તો કદીક દારૂ પીએ છે, બારમાં જઈ નાચે છે, છેવટે થાકી જઈ હતાશા અનુભવે છે. જોકે થોડા સમય માટે પરિવર્તનને લીધે એને થોડા આનંદ ને ખુશીની ઝાંખી થાય, પણ તે કેટલો સમય!

આજના યુગના માનવનું જીવન કેવળ ઢસરડો કે ઘરેડીયું (Monotonous)ના બની જાય તેમાંથી મુક્તિ માટે તહેવારો ઉજવાય છે. દિવાળી અને બેસતા વર્ષના તહેવારો પણ એનો જ એક ભાગ છે. પરંતુ આ તહેવારોમાં ઘરના બધા જ સભ્યોને—બાળકથી માંડી—યુવાનો ને વૃદ્ધો—ભાઈઓને બેનોને એક સરખા આનંદની ઝાંખી તો સ્વર્ગારોહણ સમા કોક ધાર્મિક સ્થળમાં જ થાય.

## સ્વર્ગારોહણની વિશેષતા

સ્વર્ગારોહણની વિશેષતા એ એક આધ્યાત્મિક સાધનાત્મક સ્થળ છે એ નથી; કિન્તુ ત્યાં પૂ.મા સર્વેશ્વરી જેવાં એક વિરલ

આધાત્મિક સંત બિરાજે છે, જેમનું દર્શન અને સાનિધ્ય એટલે જ સુખ, શાન્તિ ને આનંદનો ત્રિવેણી સંગમ. અહીં આવનાર આબાલવૃદ્ધ સહુને એક સરખો જ આનંદ ને શાંતિ. જાણે સાચે જ સ્વર્ગમાં હોઈએ એવી મુક્તતાનો આનંદ—સંસારની સમગ્ર પળોજણ અને ચિન્તાઓથી મુક્તિ. બાળકો ખૂબ આનંદ અને મસ્તીથી નાચે કૂદે, ખેલે ને હીંચકે ઝૂલે. આવી મુક્તતા તેઓ ભાગ્યે જ બીજે માણી શકે. વળી પૂ.માનો પ્રસાદ તો મળતો જ રહે.

યુવાન દીકરીઓ પણ ખૂબ મોકળાશ ને સલામતી અનુભવે—સરખાં વિચારની સહીયરોને પૂ.માના સાન્નિધ્યમાં મળવાનું કેટલું સરસ!

નાના છોકરાઓથી માંડી—સહુને મનમાં એકજ વિચાર કે પૂ.મા પ્રસન્ન થાય એવું કંઇક કરીએ, પછી ભલે તે રાસ હોય, ગરબો હોય, પૂ. શ્રી માના જીવનના પ્રસંગનું નાટ્ય રૂપાંતર હોય કે નિર્દોષ હાસ્ય નીપજાવતી ઘટનાની રજુઆત હોય. સ્વર્ગારોહણના ખૂણે ખાંચરે ભેગા મળી નાના નાના સમૂહોમાં આ બાળકો ને બાળાઓ—પૂર્વ તૈયારીમાં ડૂબેલાં જ દેખાય. ક્યાંક રાસ ને ગરબાની પ્રેક્ટીશ કે ક્યાંક નાટ્ય પ્રસંગના સંવાદો ગોખાતા હોય. તો વળી થોડી માટી બેનો—આ બધાને માર્ગદર્શન પૂરું પાડતી હોય. મોટા સ્ત્રી પુરુષો પોતાના સાધનાત્મક નિયમો પૂરા કરવા કુટિયામાં જપ કે ધ્યાન ધરતા હોય કે માળા લઇ કુટિયાની પ્રદક્ષિણામાં વ્યસ્ત હોય.

પૂ.માને રાસ—ગરબા એટલા માટે ગમે કે દિવસભરની સાધનાત્મક પ્રવૃત્તિમાં ડૂબેલા રહેતા બેનો ને ભાઇઓને જાણે સ્ફૂર્તિનો થોડોક ખોરાક મળી જાય. વળી આમાં નિર્દોષ આનંદ. મનગમતી પ્રવૃત્તિમાં થાક ના લાગે એ નિયમનું અહીં પ્રત્યક્ષ



દર્શન થાય. અરે, નાના મોટા સહુ બે—બે કલાક સુધી એકધારા ગરબે ધૂમે, કે રાસ લે, પણ થકાવટ અનુભવતાં ના જણાય. કેવું અદ્ભુત!

અમને લાગે કે પૂ.માની ઉપસ્થિતિનો જ એ પ્રભાવ—વળી રાસ—ગરબાના અન્તે આઇસ્ક્રીમ કે પૂ. માનો પ્રસાદ તો મળેજ.

પૂ.મા બાળકોને તો બોલાવી પ્રસાદ આપે. પણ મોટાંઓને જાણે એમનું બાળપણ યાદ કરાવતાં હોય, તેમ તેમની ઉપર ચોકલેટો ઉછાળે—ફેંકે, સૌ નાના—મોટા પોતાનું મોટાપણું ભૂલી, તે પ્રસાદ લેવા ચેષ્ટા કરે, આમ પૂ.મા જાણે સૂચવે કે સદાય આવા બાળક બની રહેવામાં જ મઝા છે.

ભાઇબેનો—તાલ બધ્ધ સંગીતના સૂરે ગરબા લેવા મંડી પડે એમાં એવાં તો તરબોળ થઇ જાય કે તેમના શરીરનુંય ભાન ભૂલી, મસ્તીથી ધૂમતાં જ રહે. સહુની નજર ફક્ત એક મા ઉપર. એમના ચહેરા પર ઉપસી આવતી પ્રસન્નતા જ સહુનું પ્રેરણા સ્રોત બની રહે.

રખે માનતા કે ભાઇઓ અને બેનોના આ ગરબા—શહેરોમાં રમાતા નવરાત્રીના ગરબા સમા હોય. આમાં ક્યાંય કૃત્રિમતા કે વસ્ત્રોના ભપકા ન હતા. માત્ર દિલના આનંદની અભિવ્યક્તિ અને તે પણ પૂ.માની પ્રસન્નતા ખાતર—સહજ, સરળ પણ તાલબદ્ધ. જોનારા વડીલો પણ આ સહજ આનંદથી અભિભૂત થતા જ રહ્યા.

## પૂ.માનું સાન્નિધ્ય

તહેવારોમાં પૂજ્ય માનું સાનિધ્ય એટલે સતત હળવાશ, હાશ ને આનંદ. ખાસ કરીને બહેનોને સાંસારિક જવાબદારીઓ ને ફરજોમાંથી એકદમ મુક્તિ; અહીં નથી રાંધવા કરવાની ઝંઝટ, કે નથી બોળકોને સાચવવાની પળોજણ. બાળકો એટલાં

બધાં આનંદયુક્ત હોય છે કે તેઓ પોતાના ખાસ સાથીઓને શોધી જ લે. આવી મુક્તિને મોકળાશ ધરે તેમને થોડી જ મળવાની!

સ્વર્ગારોહણ એટલે સાંસારિક વ્યવહારો, સંબધો અને ફરજોમાંથી સંપૂર્ણ મુક્તિ. અહીં આવનાર અહીં કેવળ સાધક છે ને તે રીતે તે પોતાના આત્મિક કલ્યાણ માટે કે સાંસારિક તનાવોમાંથી મુક્તિ પામવા આવે છે. તે પોતપોતાના સાધનાત્મક નિયમોના પાલનમાં મોટા ભાગે રત રહે છે. એનો અર્થ એવો નથી કે પરિવારના સભ્યો ઘરના કોઇ વડીલની સાર સંભાળ નથી રાખતા કે સહાયરૂપ નથી થતા. પૂ.માનો હંમેશ એ અભિગમ રહ્યો છે કે વડીલો પ્રત્યે આદરથી જુઓ અને વર્તો. તેવું કરનારને પૂ.મા બીરદાવે પણ ખરાં.

## સાધનાત્મક વાતાવરણ

પૂ.માનો પ્રધાન ઉદ્દેશ સાધકો અહીં દીપોત્સવી પર્વમાં આવી, વધારે ભાગે સાધનામાં રત રહે તે પણ સરસ રીતે પરિપૂર્ણ થયો એમ કહેવાય. પર્વના દિવસોમાં સાધકોને સાધનાત્મક નિયમો લેવાની સૂચના પૂ.માએ પહેલાંથી જ આપેલી. એટલે આ ચાર દિવસો દરમ્યાન સાધકો મૌન રાખી, જપ, ધ્યાન, પ્રણામ અને પ્રદક્ષિણામાં વ્યસ્ત રહ્યા. એની પ્રતીતિ એ જોઇ થતી કે કુટિયામાં જ્યારે જુઓ ત્યારે સાધકો ધ્યાન અને જપ કરતા જણાય. આખો દિવસ ભીડ જણાય, છતાં ઘોંઘાટ કે સહેજ પણ અવાજ નહિ, તો કુટિયાની પ્રદક્ષિણામાં સાધકોની હાર લાગેલી જણાતી. અરે, અડધી રાતે પણ સાધકો પ્રદિક્ષણા, પ્રણામ અને ધ્યાનમાં વ્યસ્ત દેખાતા. એ દૃશ્ય જ શ્રદ્ધાપ્રેરક બની રહેતું.



આનું કારણ એ હતું કે પૂ.મા રાત્રે ભાગ્યે જ સૂતેલા જણાતાં પૂ.મા દિવસ દરમ્યાન સાધનાત્મક જાહેર કાર્યક્રમોમાં મોટાભાગે હાજર રહેતાં, તેમજ આવેલ સાધકોને પણ વ્યક્તિગત મળી, એમના પ્રશ્નો સાંભળી યોગ્ય માર્ગદર્શન આપતાં. આથી તેઓને પોતાના સાધનાના નિત્ય નિયમો પૂરા કરવા માટે સમય ખૂબ ઓછો રહેતો. તેથી તેઓ તે નિયમો પૂરા ના થાય ત્યાં સુધી સૂતાં નહિ. વળી પોતાની રોજનીશીની નોંધ રોજને રોજ પૂરી લખ્યા પછી જ સૂવાનો નિયમ. એટલે રાત્રિ દરમ્યાન પૂ.માને ભાગ્યે જ બે ક્લાક જેટલો સમય સૂવા માટે રહેતો. છતાં પૂ.મા ખૂબ પ્રસન્ન ને સ્ફૂર્તિલા જણાતાં પૂ.મા સાધકોનાં સાધના ક્ષેત્રે આદર્શ. એટલે સાધકો જોતા રહેતા કે પૂ.મા પોતાના નિયમ પાલનમાં કેવાં ચૂસ્ત છે. એથી એમના પ્રત્યક્ષ દર્શનથી જ એમની શિથિલતા ને સુસ્તી દૂર થઇ જતી. પ્રમાદ ખંખેરાઇ જતો.

સાંભળેલું કે ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ પામેલ વ્યક્તિઓ હંમેશાં ખૂબ પ્રસન્ન અને આનંદ યુક્ત જણાય. આ પૂ.મામાં અમને સતત એનું જ દર્શન ઉઘાડી આંખે થતું રહે છે. પરિણામે સ્વર્ગારોહણના સમગ્ર પરિસરમાં એવી એક દિવ્યતા છવાયેલી અનુભવાય કે એમાં પ્રવેશતાં જ જાણે માણસના સમગ્ર માનસિક પરિતાપો હળવા બની જાય. આથી જ અહીં આવવાનું ખેંચાણ પૂ.મા ના હોય તો પણ સાધકોને થતું રહે છે.

સાચું પૂછો તો અહીં પર્વ નિમિત્તે આવેલ સાધકો ખૂબ શાંતિનો અનુભવ કરીને ગયા. જાણે સદેહે સ્વર્ગ જઇ આવ્યા.

તમને એમ લાગે કે આમાં અતિશયોક્તિ છે?

એવું હોય તો પૂ.ગાંધીજીના જીવનની એક ઘટના અમને યાદ આવે છે. પૂ.બાપુએ અંગ્રેજી શાસન સામે સત્યાગ્રહ

કરવાની રજુઆત કરેલી. જવાહરલાલના પિતાજી શ્રી મોતીલાલ નહેરુને ગળે એ વાત ન ઉતરી. તેમણે તેના પરિણામો અંગે શંકા વ્યક્ત કરતો એક લાંબો પત્ર ગાંધીજીને લખ્યો. ગાંધીજીએ તે વાંચ્યો—ને તેના જવાબમાં માત્ર લખ્યું પરિણામોમાં શંકા હોય તો કરી જુઓ—એટલે ખબર. આથી જ અમે કહીએ છીએ—કે સ્વર્ગારોહણ જાતે આવીને અનુભવ કરી જુઓ. બીજું તો શું કહીએ?

### પૂ.માતાજી જ્યોર્તિમયીના જન્મદિને સત્કર્મ

નવા વર્ષ પછીનો બીજો દિવસ—ભાઇબીજ. પૂ.શ્રીનાં માતાજી જ્યોર્તિમયીનો એ જન્મ દિવસ. એટલે પૂ.માએ એ દિવસે પ્રસાદ વિતરણનો ખાસ કાર્યક્રમ પ્રયોજ્યો.

અંબાજીથી દાંતા તરફ જતાં દસેક કિલોમીટરના વિસ્તારનાં બારસો જેટલા ગ્રામજનોને—બુંદી ગાંઠિયાનો પ્રસાદ વહેંચાયો. એમને એ રીતે મિષ્ટ ભોજનની પ્રાપ્તિ થઇ. સવારની બેઠકમાં પૂ.માતાજીના સંપર્કમાં આવેલ સાધકોએ પૂ.માતાજીનાં સંસ્મરણો રજુ કર્યાં. તેમાં શ્રી રંજનબેન ઠાકર, શ્રી દમયંતીબેન, શ્રી અજયભાઇ અને શ્રી રાજુભાઇ જાનીએ—પૂ.માતાજીની સમજ સરળતા અને આત્મીય વ્યવહારનાં સુંદર સ્મરણો વર્ણવ્યાં. તો પૂ.માતાજીનો પૂ.શ્રી પ્રત્યેનો ભાવ—માતા હોવા છતાં—એક નમ્ર ભક્ત જેવો રહેતો. એથી તેઓ પૂ.શ્રીને વંદન કરતાં ને તેઓને પોતાના પુત્ર તરીકે નહિ, પણ એક સંત તરીકે જોતાં. પૂ.માતાજીનો આવો વ્યવહાર—કપિલ ભગવાન અને માતા દેવહૂતીની યાદ અપાવી જતો.



# પૂ. શ્રી માની સંનિધિમાં દિવાળીનાં પર્વની ઉજવણી

ડો. બી. જે. જાગાણી

દિવાળી ને નૂતનવર્ષનું પર્વ પૂ. શ્રી માની સંનિધિમાં સ્વર્ગારોહણતીર્થ સ્થાનમાં ઉજવાયું. પૂ. શ્રી માની સંનિધિ ને ભક્તોના હૃદયમાં છલકતો ભાવ સૌને સ્વર્ગનું સુખ ધરતો હતો. એ સુખ માણનારને વિશેષ આનંદ થયો હોય પણ તે આનંદને અધ્યાત્મ માસિકના વાચકોને વહેંચવામાં પણ આનંદ આવેને!

તા. ૧૭—૧૦—૦૯ ના રોજ સવારની બેઠકમાં પૂ. શ્રી મા પધારે છે. યોગતીર્થના હોલમાં સૌ ભક્તો મંત્રગાન કરે છે. પ્રણામની તૈયારી થઇ રહી છે. સ્વર્ગારોહણ તીર્થમાં વર્ષોથી રહેનાર શ્રીમતી રંજનબેનના માતુશ્રીનું અવસાન સુરતમાં થતાં તે માટે પૂ. શ્રી માની સ્લેટમાં અંજલિ લખાઇ.

"ગઇ સાંજે શ્રી રંજનબેનની માતાએ માત્ર ૩ દિવસની ટૂંકી માંદગી પછી આ પૃથ્વી પરથી વિદાય લીધી. આજે સવારે ૫ વાગે એમનો અગ્નિ સંસ્કાર હતો. અમે બિકાનેર પૂ. શ્રી સાથે ગયાં ત્યારે રંજનબેનનાં માતા—પિતા રાજસ્થાનના પ્રવચન પ્રવાસમાં સાથે હતાં. સંત સેવાની કેવી ભાવના! ઘેરથી ગેસનો બાટલો, સગડી, સીધુ—સામાન લઇને યાત્રા કરી. જયપુર, જોધપુર અને બિકાનેર એમ ત્રણ શહેરોમાં પૂ. શ્રીનાં હિન્દીમાં પ્રવચનો થાય એવી યોજના રંજનબેનના પિતાશ્રીએ કરી હતી. પિતાજી તો ૧૯૮૫ માં વિદાય થયા. તે પછી તો માતા ઘણીવાર માને મળ્યાં.

તાવ એમના મૃત્યુનું નિમિત્ત બની ગયો. આપણે કોઇ

પરિવારના હોઈએ છતાંય ખૂબ ઊંડાણથી વિચારીએ કે એ માતાએ સ્વર્ગારોહણના કાયમી નિવાસ માટે કદી પણ વિરોધ નથી કર્યો. તેઓ બિકાનેર, ભાવનગર, સુરત ને મુંબઈમાં પોતાની ઈચ્છા પ્રમાણે, પોતાના સંતાનો પાસે રહેતાં. સંતાનો તેમને ખૂબ પ્રેમથી સંભાળતાં. પરંતુ એક નાનકડી માંદગી મોટું નિમિત્ત બની ગઈ. આપણે 'મંગલ મંદિર ખોલો પ્રાર્થના ગાઈશું, પછી નવમંત્ર ગાન કરીશું. એ માતાને શાંતિ મળે એવી પ્રાર્થના કરીશું.''

સૌ ભક્તો પૂ. શ્રી માની સંનિધિમાં પ્રાર્થના ને નવ મંત્ર કરે છે. પછી પૂ. શ્રી માની સાથે સૌ ભક્તો પ્રણામ કરે છે. પ્રભાતની બેઠક પૂર્ણ થાય છે. બપોરની ૧૧–૦૦ની બેઠકમાં પૂ. શ્રીની અમૃતવાણીનું શ્રવણ કરવામાં આવે છે. પૂ. શ્રીની અમૃતવાણીનો સારભાગ આ મુજબ છેઃ–

★ ઉપનિષદ્‌ના ઋષિઓ કહી ગયા છે કે કેવળ પ્રવચનોનું શ્રવણ કરવાથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. શ્રવણ સાથે મનન કરવું જરૂરી છે.

★ ૐકાર પરમપદની પ્રાપ્તિ કરાવે છે. પરમાત્મા, મુક્તિ, સિદ્ધિ, ઈશ્વર, શાંતિ એ બધાં પર્યાયો છે. ૐકારથી તે પ્રાપ્ત થાય છે. પ્રણવ મંત્ર એટલે ૐકાર. પ્રણવમંત્ર ધનુષ્ય જેવો છે. આત્મા બાણ છે. ૐકારનો આધાર લઈ પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે.

★ વેદોમાં ૐ સિવાય કોઈ મંત્રનો ઉલ્લેખ નથી. માળા મેરૂ વિના અધુરી છે તેમ ૐ વિના બીજા મંત્રો અધૂરા છે.

★ એક ગ્રંથ–શ્રીમદ્ ભગવદ્‌ગીતા બચી જાય તો પણ ભારતીય સંસ્કૃતિ બચી જાય. ગીતા ભારતીય સંસ્કૃતિનું હાર્દ છે. બધા જ મંત્ર ચાલ્યા જાય પણ ૐ રહી જાય તો પણ મંત્ર બચી



જાય. ગીતામાં કહ્યું છે ૐ મારું (પરમાત્માનું) પોતાનું રૂપ છે. અંતે ૐ જપે તો મને (પરમાત્માને) પ્રાપ્ત કરે છે.

★ શંકર, કૃષ્ણ, જગદંબા, મા, ગણપતિના મંત્રો એ બધા પરમાત્માના જ મંત્રો છે; તે પરમાત્માથી જુદા નથી.

★ ધ્યાન માટે ધીરે ધીરે મનને બાહ્ય પદાર્થોમાંથી ઉપરામ કરવું. ધ્યાન એ ભૌતિક વિષયોમાંથી મનને ઉપરામ કરવાની પ્રવૃત્તિ છે. ધ્યાન જપ સાથે કે જપ સિવાય પણ કરી શકાય.

★ મન પહેલાં શરીરના અંગો જેવા કે હૃદય, નાભિ, મૂલાધાર પર સ્થિર થશે. કોઈ રૂપ, મંત્ર કે નામનો આધાર લેતા હઈશું તો તેમાં મન સ્થિર થશે.

★ મન જ્યારે શરીર, વાણી, અહ્‌મ, બુદ્ધિ વગેરેમાંથી ઉપરામ થશે ત્યારે પરમાત્મામાં સ્થિર થશે. પછી ચિંતન કરવાનું નહી રહે. અશાંત મન પહેલાં સ્થિર થશે, પછી શાંત થશે, છેવટે પ્રશાન્ત થઈ, સ્વસ્વરૂપમાં ભળી જશે.

★ શાશ્વત સુખની પ્રાપ્તિ માટે ધ્યાન કરો. તમારા મૂળભૂત સ્વરૂપનો અનુભવ થશે ત્યારે અશાશ્વત પદાર્થો પાછળ ભટકતું મન પાછું વળી, પોતાના સ્વરૂપમાં જ રસ લેતું, આનંદ અનુભવતું થશે.

બપોરના બાર વાગ્યા છે. પૂ. શ્રી માની સ્લેટમાં લખાય છે. ''શ્રી નારાયણદાસ સ્વર્ગારોહણ ને 'અધ્યાત્મ' માટે જીવી રહ્યા છે. એટલે જીવતા દેવને સેવવા પડે. ઉપર હોય તો ક્યાં ઊભા કરવાનું કે વિનંતી કરવાનું રહે છે. તો દિવાળી પર કંઈક બોલશે. કેટલી દિવાળી જોઈ તેના પર બોલશે (સૌ હસે છે.) કેટલી દિવાળી સુધરી ને કેટલી બગડી. દરેક દિવાળીએ કોને કેવો, કેટલો હિસાબ આપ્યો તેના પર બોલશે.''

શ્રી નારાયણભાઈ જાની પૂ. શ્રી માની આજ્ઞાથી બોલે છે.

તેનો આ રહ્યો સાર.

★ કોઈપણ માણસ ભગવાન વિના જીવી શકતો નથી.

★ દિવાળી આવે તો ઘરમાંથી કચરો કાઢી નાખવામાં આવે છે તેમ મનમાંથી રાગદ્વેષ જેવો કચરો કાઢી નાખવો. મન જ સર્વ સમસ્યાઓનું મૂળ છે. રાત્રે સૂતાં પહેલાં મનની સફાઈ કરો. દરરોજ સત્કર્મ કરો.

★ શરીરના બે ઉપયોગ છે. પ્રભુની પ્રાપ્તિનો ને પ્રભુની દુનિયા માટે કંઈક કરી છૂટવાનો.

★ જે કાંઈ આપણને મળ્યું છે તે માટે પ્રભુનો આભાર માનો. મન પ્રભુની સાથે જોડેલું રાખો.

સારા શરીર માટે પૂ. શ્રી માએ પ્રણામની ભેટ આપી છે તે કરો.

★ સારું ખાઓ, સારું વાંચો ને સત્સંગ કરો.

★ સંત મળે તો આ જન્મે જ મુક્તિ મળે છે. પૂ. શ્રી મા મળ્યાં છે તો મુક્તિ મળી છે એમ માનો. જીવન અતિમૂલ્યવાન છે. સતત ભગવાન સાથે અનુસંધાન રાખો.

★ બધાને પ્રેમ કરો. પ્રેમ હોય ત્યાં વિરહ હોય. જીવવા માટેનું સામર્થ્ય પ્રેમ પૂરું પાડે છે. જે ઘડી મળી છે તેને માણી લો. નાનાં નાનાં સત્કર્મ કર્યા કરો.

પૂ. શ્રી મા સ્લેટમાં લખીને બોધ આપે છે. "૧૦૮ વર્ષ સુધી વાંધો નહીં આવે (નારાયણકાકા જીવે તો) એવું લાગે છે. એ

(પ્રભુ) સાથે રહેવા ઉતરશે. આજે સવારે અમે અચાનક બહાર આવ્યા ત્યારે સત્કર્મ શરૂ થયું. ત્યાં પહોચ્યાં (દરવાજા પર) એક બેનને પ્રસાદ મળ્યો. એણે તરત જ બીજી બેનોને બોલાવી. ટોળી જ હતી. તેને નોતરું દીધું. એટલે બધા દોડતાં આવી ગયા. એટલે છેવટે અમારે દરવાજો બંધ કરવો પડ્યો. એમાં એક



માણસ વારે વારે પ્રસાદ માટે પ્રયત્ન કરતો હતો. જે અમને યોગ્ય ન લાગ્યું એટલે જે જે બાળકો હતા તેને પ્રસાદ આપ્યો. પણ અમને એવું લાગ્યું કે જે વારેવારે હાથ લાંબો કરતો હતો તેને ભૂખનું દુઃખ કદાચ પ્રબળ હશે? એટલે ત્યાં જ નક્કી કર્યું કે નવા વર્ષે પહેલુ સત્કર્મ તેમના મુકામ પર જઈને અન્નદાન કરવું."

ભક્તોને પૂ. શ્રી મા સ્લેટ પર ભોજન માટેનો બોધ સહજ રીતે આપે છે : "ભાવે છે માટે વધુ ના ખાવું. જેટલું ખાઓ તેના પ્રમાણમાં તે પચે તે માટે, કુટિયાની પ્રદક્ષિણાઓ કરજો. શાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે સાધુએ આઠ કોળિયા ને ગૃહસ્થીઓએ ૩૨ કોળિયા અન્ન ખાવું. એક કોળિયો એટલે એક સાથે મોમાં સમાય તેટલું અન્ન, ભોયે પડેલું કે ખોળામાં પડેલું ના ખવાય. ને મૌન રાખી પ્રસન્નતાપૂર્વક શાન્તિથી જમવું; કારણ કે ખાધેલા અન્નમાંથી જ તન અને મનને શક્તિ પ્રાપ્ત થાય છે."

બપોરની બેઠક પૂર્ણ થાય છે. દિવાળીનો દિવસ છે. તેને અનુરૂપ મિષ્ટાન્ન ભોજન છે.

## **યાત્રાની** D. V. D.

બપોર પછી ૧૯–૧૧–૧૯૯૦ ના રોજ પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ભક્તો સાથે નાસિક પાસે પર્વત ઉપર આવેલ સપ્તશ્રૃંગી માતાની કરેલી યાત્રાની ડી. વી. ડી. બતાવવામાં આવે છે. તેમાં ભક્તો માતાના મંદિરે પહોંચીને જે સંકીર્તન સાથે મા સર્વેશ્વરી સન્મુખ મુક્ત મને નાચી રહ્યા છે, તે જોતાં જ ભાવવિભોર થઈ જવાય છે. તો પૂ. મા જે ઝડપથી આ સપ્તશ્રૃંગીનાં પગથિયા ઉતરે છે તે જોઈ આશ્ચર્ય એ માટે થઈ જવાય છે કે યુવાન ને સશક્ત ભક્તો પણ પૂ. માની ઝડપી ગતિ સાથે તાલ મીલાવી શકતા નથી. લાગ્યું કે એક જીવંત શક્તિ

સ્વરૂપા—મા, માતા સપ્તશ્રૃંગીને મહિમા ધરવા જ અહીં પધાર્યા છે, સંતોની લીલાને કોણ સમજી શકે!

## ગરબાનો કાર્યક્રમ

આનંદની અભિવ્યક્તિ કોઇને કોઇ સ્વરૂપે વ્યક્ત થતી હોય છે. આજે અહીં યાત્રાની કેસેટના દર્શન પછી, ભાઇઓ અને બેનો પૂ. માની સૂચના અનુસાર ગરબે ઘૂમવા લાગે છે. પૂ. માને ગરબા ખૂબ ગમે છે. યુવાન બહેનો ને દીકરીઓ જે સહજ ભાવ ને લાલિત્યથી ગરબા લે છે, તે જોઇ પૂ. માને ખૂબ પ્રસન્નતા થાય છે. પૂ. યોગેશ્વરજીની બાવનીનું વિવિધ ઢાળોમાં ગાન સાથે ગરબે ઘૂમવાના તાલનો મેળ એવો તો જામે છે કે જોનારા મુગ્ધમને જોતાં થાકતા નથી. તો યુવાન ભાઇઓ પણ પોતાનો આનંદની અભિવ્યક્તિ કરવા અલગ વર્તુળ રચી જાણે નવરાત્રી ગરબાની મોજ માણી રહ્યા છે. એક પ્રકારના સાત્ત્વિક અને નિર્દોષ આનંદની લહેરોથી આખું વાતાવરણ ગૂંજી ઊઠે છે. લાગે કે સંસારની કોઇ પ્રકારની ચિન્તા કે સમસ્યા આ લોકોને અત્યારે છે જ નહિ. એક સાત્ત્વિક તહેવારના આનંદમાં સહુ ડૂબેલા લાગે છે. એમના જીવનમાં સાચે જ આજે પ્રકાશના પર્વ સાથે આનંદની હેલી રચાઇ છે.

આ સાત્ત્વિક આનંદની પૂર્તિ થાકેલા ભાઇબહેનોને આઇસ્ક્રીમનો પ્રસાદ ધરાવી પૂ. મા કરાવે છે.

## પ્રણામોનો અર્ઘ્ય

રાત્રીના સવાબાર થયા છે. પૂ. શ્રી મા ખૂબ પ્રસન્ન છે. પ્રણામ પૂ. શ્રી માને ખૂબ પ્રિય છે. આજે જાહેરાત કર્યા મુજબ પૂ. શ્રી માની સંનિધિમાં ૬૨ જેટલા ભક્તો પ્રણામ કરવા હોલમાં આવી ગયા છે. પ્રારંભમાં સ્લેટ પર પૂ. શ્રી મા લખે છે ''કેટલા પ્રણામ કરવા છે? હે પ્રભુ! આપને જરૂરી હોય અને



અમારું કલ્યાણ હોય એટલા પ્રણામ કરાવજો. કરાવશે એ જ. દિવાળીનો અન્નકૂટ જોઇ જોઇને ભગવાન થાકી ગયા છે એટલે આજે પ્રણામકૂટ આપણે ધરીએ.''

પૂ. શ્રી મા ટેઇપ પર સંગીત—પદોની કેસેટ શરૂ કરાવે છે. સૌ ભક્તો અર્ધો કલાક પ્રણામ કરે છે. રાત્રીનો ૧—૦૦ કલાક થયો. શક્તિ, ઉત્સાહ, આનંદને પૂ.શ્રીમાના દર્શનનું સામ્રાજ્ય સ્થપાઇ રહ્યું છે. પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ''અમારી પાસે પ્રભુએ ૩૨૫ પ્રમાણ કરાવ્યા. આજે બધા સાથે બેસીને જમ્યા તો બે—ત્રણ વાટકી દૂધપાક જમાઇ ગયો. એ રીતે સાથે રમતમાં પ્રણામ થઇ ગયા.

પ્રણામ કરતી વખતે કાનથી જે સંભળાય છે તે પહેલા મનમાં બોલી જવું—''દરેક પ્રણામે આપણા બે હાથ પ્રભુના ચરણને સ્પર્શ કરી રહ્યા છે એમ માનવું. પ્રાર્થનામાં ખોવાઇ જવું એટલે કોણ પ્રણામ કરે છે તે ભૂલી જવાય.''

પ્રણામથી ભૌતિક ગૂંચ પણ સહેલાઇથી ઉકેલાતી અનુભવી છે. રોજ જેમ સ્નાન, ભોજન તે રીતે રોજ જ પ્રણામ. આપણને આ જન્મે માનવદેહ મળ્યો છે. કેટકટલા જન્મો બીજી યોનિમાં હોઇશું. કીડી, મકોડા. ત્યારે ક્યાં આપણે પ્રણામ કર્યા હતા! મનુષ્યદેહ મળ્યો છે તો તેનું સાર્થક્ય કરી લઇએ.

અનંત જન્મોનું પ્રણામોનું દેવું છે. જે અશક્ત છે તે બેઠા બેઠાં મસ્તક નમાવીને માનસિક રીતે પ્રણામ કરી શકે. પ્રણામ એ પ્રભુ દરબારે ચઢવાની સીડી છે. પ્રભુ દશરથાચલ પર બેઠા છે ને આપણે તળેટી પર છીએ. તળેટીથી એક એક પ્રણામ કરતાં કરતાં પ્રભુ પાસે પહોંચીએ છીએ. આવી વિવિધ ભાવના સાથે પ્રણામ કરીએ તો પ્રણામયોગ બની જાય. આ પેલી બેઠકની પ્રાર્થના પ્રણામમાં કેવી મસ્તી ચઢાવે છે. તો ચાલો પાછા

પ્રણામ કરી લઈએ.''

રાત્રીના ૧.૪૫ કલાક થયા છે. બીજી કેસેટ મૂકાય છે. સૌ પૂ. શ્રી માની સંનિધિમાં, સાથે સાથે પ્રણામ કરી રહ્યા છે. જીવનભરનું પ્રણામનું દેવું ચૂક્તે કરવાનો મંગલ ઉત્સવ જાણે ઉજવાઈ રહ્યો છે. હોલમાં વાતાવરણમાં જાણે પ્રણામ, ભક્તો ને ભગવાન જ વ્યાપી રહ્યાં છે. શાન્ત છતાં અદ્ભુત વાતારણ છે.

## પ્રણામની બીજી બેઠક

પૂ. શ્રી મા આ બીજા તબક્કાના પ્રણામને અંતે સ્લેટ પર લખે છે : ''બીજી વાર ૩૨૫ પ્રણામ પ્રભુએ કરાવ્યા. પૂ. મા પૂછે છે, કોણ કોણ ઘરે નિયમિત પ્રણામ કરે છે? પ્રણામના સાધને પ્રભુને શરમમાં નાખવા. વારે વારે નમીએ તો પ્રભુને પણ કોઈ દિવસ એમ થાય, ચાલ આનું કામ કરીએ. એટલે કામ કઢાવવા કોર્ટના દરવાજે ધક્કા ખાવા કરતાં પ્રણામના ધક્કા પરિણામ લઈને આવશે.

આ હોલમાં મધરાતે હોલની જિંદગીમાં પહેલીવાર પ્રણામ થતા હશે. આ હોલ આ વરસે પ્રણામપૂજા માટે જાણે પ્રભુએ ખાલી કરાવ્યો હશે. કોના કોના ૫૦૦ પ્રણામ થઈ ગયા? (સૌ ઊંચી આંગળી કરે છે) સમૂહમાં સારી મંઝીલ કપાઈ રહી છે. ઘરે હોત તો દસ વાર પાણી પીવા જાત, ખરું કે નહિ?''

પૂ. શ્રી માની વિદેશમાં વસવાટની ડાયરી વંચાય છે. ડાયરીનું લેખન સાંભળીને સૌ ભક્તો આનંદ પામે છે. આમાં પૂ. શ્રી માના તીવ્ર વૈરાગ્ય અને અનાસક્તિનાં દર્શન થાય છે. વિદેશમાં પણ કેવી અલિપ્તતાથી મા રહે છે, તેના દર્શન સાથે સંપતિની વચ્ચે સલામત રીતે અલિપ્ત જીવનનો વહી જતો પ્રવાહ સંત, ભગવંત, ભગવતીના દર્શન કરાવનારો પ્રસંગ શ્રી



જગદીપભાઈ ને નયનાબેને ધરેલી ભેટમાંથી આકાર લઈ ગયો.

## પ્રણામની ત્રીજી બેઠક

પ્રણામની ત્રીજી કેસેટ મૂકાય છે. પૂ. શ્રી માએ આજે માત્ર અર્ધો ગ્લાસ પાણી જ લીધું છે. બે બેઠકમાં ૬૫૦ પ્રણામ થઈ ગયા. ત્રીજી બેઠકના અંતે ૩૫૦ પ્રણામ થાય છે. કુલ ૧૦૦૦ પ્રણામ પૂ. શ્રી મા ને ભક્તો પૂ. શ્રીને ધરે છે. પૂ. શ્રી મા સ્લેટ પર લખે છે : 'દીપુ, હજી કેટલા પ્રણામ કરવાના છે. ૧૦૦૦ તો થઈ ગયા. આ શરીરમાં આજે અર્ધો ગ્લાસ પાણી જ ગયું છે. છતાં એ કરાવે છે. હજી પણ ૧૧૧ પ્રણામ થઈ જાય. રૂમમાં જઈને કદાચ થઈ જશે. અચાનક વિચાર આવે તો ઝડપથી (પ્રણામ) થઈ જાય. જો એક અઠવાડિયા પહેલા આયોજન કરો તો ના થાય. પંખાને પણ થાક લાગે ને (પંખો બંધ કરાવે છે) ૧૦૦૦ પ્રણામની સેવા કરી છે.'

પૂ. શ્રી મા જડ કે ચેતનમાં સર્વત્ર ચૈતન્યનો અનુભવ કરી ચેતનની જેવો વ્યવહાર જડ વસ્તુઓ સાથે પણ કરે છે એટલે પંખાને પણ હોલમાં વિરામ આપે છે. જે સ્વયં ચેતનમય બની ગયું તેને મન જડ અને ચેતન જેવા વિભાગ જ નથી. બધે ચેતન ને ચેતન જ છે.

આજે સવારે ૭.૦૦ની પ્રભાત વંદનાથી માંડી રાત્રીના ૨.૫૦ સુધી પૂ. શ્રી માની સંનિધિ સૌ ભક્તોને મળી છે. હવે સૌ ભક્તો પોતાના શયન સ્થાને જાય છે. પૂ. શ્રી માને તો થાક નથી, કંટાળો નથી. પૂ. શ્રી મા પણ પોતાના નિવાસે પધારે છે ને ત્યાં પણ પાછા પ્રણામ કરે છે. કુલ ૧૩૦૦ પ્રણામ પૂ. શ્રી મા કરે છે.

ખુલ્લી આંખે જોવાતું પૂ. શ્રી માનું ભગવતી સ્વરૂપ દીવાળીના પર્વને ઊજાળી રહ્યું છે. જીવનમાં પ્રકાશ પાથરતું રહ્યું છે ને જીવનને તીર્થ બનાવી રહ્યું છે.

(ક્રમશઃ)

# સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરી

પ્રા. તરલાબહેન દેસાઈ

ગુજરાતના અતિ પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીના સ્વર્ગારોહણમાં સૃષ્ટિના પ્રત્યેક જીવના શિવતત્ત્વના પ્રાગટ્ય માટેનું અવતારકાર્ય સહજતાથી કરી રહેલાં પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીને સ્વર્ગારોહણના સંત તરીકે ઓળખાવી શકાય એમ નથી. કારણ કે તેઓશ્રી સ્પષ્ટ કહે છેઃ

'મા' ને કોઈ સંસ્થા સાથે ન જોડો
'મા' રહે છે ભાવિકોના હૃદયમાં
'મા' રહે છે સત્યપથના એક ખૂણે
'મા' રહે છે પૂજ્યશ્રી યોગેશ્વપ્રભુના,
શ્રી ચરણતળિયે રજ રૂપે.

પણ પ્રગટ મહિમા ગુરુદેવ શ્રી યોગેશ્વરનો સદા વિસ્તરતો–પ્રસરતો રહે અને પ્રચ્છન્ન 'મા' સર્વેશ્વરીનું સમર્પણ મહેકતું રહે એવા મધુર અદ્વૈતનો મધુમય સૂક્ષ્મ ચૈતન્યપ્રસાર આ સ્વર્ગરોહણમાં સતત અનુભવી શકાય છે.

### સ્વર્ગારોહણનું બાહ્ય ક્લેવર

તા.૩૧–૧૦–૮૩ના રોજ શ્રી યોગેશ્વરજીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ માટે અહીં પ્રતિષ્ઠિત થયાં. એક ક્ષણિક સ્પર્શના ચમત્કારે આ ભૂમિ અહીં આવનાર શક્તિસ્વરૂપોથી–ભક્તોથી–સાધકોથી–જિજ્ઞાસુઓથી ચિન્મય બની રહે છે. એમ 'મા' લખે છે પણ સ્વર્ગારોહણનો પચ્ચીસ વર્ષનો ઈતિહાસ કહે છેઃ 'મા' ની સંનિધિ એમની મંગલમય ઉપસ્થિતિને કારણે આ



તપોભૂમિ અત્યંત સુઘડ, સ્વચ્છ, પવિત્ર રહે છે. આ ભૂમિના પ્રત્યેક અંશ સાથે પૂ.'મા'ની સંવેદનશીલતાનો નાતો અનુભવાય છે. 'મા' નો પ્રેમાભિષેક અહીંના અણુ–પરમાણુ પર સતત થતો જ રહે છે.

શ્રી યોગેશ્વરજીની કલ્પના તો આ યાત્રાધામમાં માતાજી જ્યોર્તિમયીના નામનું વિશ્રામગૃહ રચવા માટેની જ હતી. પૂ.'મા'એ એ યોજના તો સાકાર કરી જ. પણ સાથે–સાથે એની મધ્યમાં 'યોગતીર્થ' કેન્દ્રનું ભવ્ય–મંગલ આયોજન કર્યું જેથી અહીં આવનાર પ્રત્યેક ગુજરાતના સંત–હિમાલયના મહાન તપસ્વી, મન–વચન–કર્મથી આખા વિશ્વના મંગલ માટે અંતિમ શ્વાસ સુધી પ્રયત્નશીલ, સદા પ્રભુપરસ્ત એક મનુષ્યત્વની પરાકાષ્ઠાએ પહોંચેલ દિવ્ય આત્માના જીવન તેમજ કાર્યના સળંગ ઈતિહાસની ઝલક પામી શકે. સાધકમાંથી સિદ્ધ બનેલા સંતશ્રી યોગેશ્વરનાં વિવિધ આકર્ષક સ્વરૂપો, એની કલાત્મક ગોઠવણી, એની સંવેદનાત્મક શબ્દોમાં અભિવ્યક્તિ એટલી આકર્ષક, મોહક ને પ્રભાવક છે કે, યોગતીર્થની એક પરિક્રમા દર્શકના મન–હૃદયમાં પવિત્ર આંદોલનો જગાડી જાય. 'મા' સર્વેશ્વરીનું સ્મરણ–વૃંદાવન સાચે જ અનન્ય ગુરુ પ્રેમનું જીવંત નકશીકામ બની રહે છે. યોગતીર્થમાં સતત ગુંજતો ૐ શ્રી યોગેશ્વરાય નમઃ મંત્ર આપણને અધ્યાત્મની આબોહવાનો અદ્ભુત ચૈતન્યસંસ્પર્શ કરાવી રહે છે.

'સ્વર્ગારોહણ'ના પાછળના ભાગમાં એક સાધનાકુટિર છે જે અદ્યતન મેગ્નેટિક ડોરવાળી, પિરામિડ આકારની છે તે કેનેડાના ભક્તોની સ્નેહભેટ છે. આ એ જ સ્થાન છે જ્યાં વર્ષો પહેલાં 'મા' સર્વેશ્વરીએ વેરાન પ્રદેશમાં જ્યાં પાણીની પણ સગવડ ન

હતી ત્યાં પર્ણકુટિ બનાવી એમાં મહિનાઓ સુધી સાધના કરી હતી. આ આખાયે ખૂણાને બહુ યોગ્ય રીતે 'સર્વેશ્વરી તીર્થ' તરીકે ઓળખાવવામાં આવ્યો છે. ભાવિકોની શ્રદ્ધા છે કે, આ કુટિરમાં થતી પ્રાર્થના પ્રભુ સાંભળે છે.

'સ્વર્ગારોહણ'ના ભવ્ય પ્રવેશદ્વાર પર કમાનાકારે 'સ્વર્ગારોહણ' અક્ષરો અંકિત છે. એમાં પ્રવેશનારના સ્વાગત માટે ફૂલોથી લચી પડેલી મધુમાલતીની વેલ છે. થોડુંક આગળ ચાલતાં બીજી કમાનાકારની ઊર્ધ્વ મધુમાલતી ને બોગનવેલ છે. રસ્તાની બંને બાજુ ગુલાબ-મોગરા-ગલગોટા વગેરેના ફૂલોના સુંદર ક્યારા તેમજ કુંડામાં શોભતા લીલાછમ છોડો થોડાક ડગલાં ભરો એટલે શ્રી યોગેશ્વરજીનું રેખાચિત્ર સ્વાગત કરતું દેખાય, એની નીચેના બોર્ડ પર સાચા સંતની અભિજ્ઞા માટે સાવધાની સૂચવતું પ્રેરણાદાયી લખાણ જમણી બાજુ 'યોગક્ષેમ' હોલનો વિશાળ ઓટલો જેના ઉપર આખીય પુણ્યભૂમિ જેના અતિ ઉદાર હૃદયની સ્નેહસભર સૌગાદ છે એમના કુટુંબોની સૌમ્ય–નમ્ર તસ્વીરો સર્વનું અભિવાદન કરતી મુદ્રામાં પ્રતિષ્ઠિત છે. આ હોલમાં સવાર–બપોર–સાંજ સત્સંગની બેઠકો થાય છે. હોલના મધ્યભાગમાં પૂજ્ય શ્રી યોગેશ્વરજી અને 'મા' સર્વેશ્વરીનાં સ્વરૂપો સોહે છે. બપોરે ને સાંજે આ હોલ ભોજન માટે ઉપયોગમાં લેવાય છે. હોલને અડીને જ રસોઈગૃહ છે.

મહારાજે સાધકોની સહાયથી તૈયાર કરેલો પ્રસાદ સાધકોની જ એક ટૂકડી પીરસે છે. ક્યાંય ઘોંઘાટ, ગરબડ નહિ. બધું જ કાર્ય શાંતિ–આનંદથી સધાય છે. 'આ અન્ન બ્રહ્મરૂપ છે, વિષ્ણુ પધાર્યા રસરૂપે' એ મા રચિત પ્રાર્થનાથી જ પ્રસાદ ગ્રહણ થાય છે.



જાતે જ માંજીને વ્યવસ્થિત મૂકી દે. પાથરણાંના વીંટાવાળી મૂકી દેવાય ને થોડી વારમાં બધું જ સાફ–સૂથરું થઈ જાય.

## સાધનાત્મક કાર્યક્રમ ને ઉદ્દેશો

સાધનાને અનુકૂળ એવા સાદા આહારનું આયોજન 'મા' જ આખા સપ્તાહ માટે મુકરર કરી આપે છે. વિશેષ પ્રસંગોએ તેમાં ફેરફાર થાય છે.

'સ્વર્ગારોહણ'માં સવારે ૭ થી ૮ પ્રભાતવંદના ૮ વાગે મંત્રની કેસેટ સાથે સમૂહપ્રણામ, ૯ વાગે દૂધ ને નાસ્તો. ૯ થી ૧૧ વિરામ, ૧૧ થી ૧૨:૩૦ સત્સંગ, ૧૨:૩૦ ભોજનમાં પ્રસાદ, ૩ સુધી વિરામ ૩ થી ૫ સાત્ત્વિક વાચન, સત્સંગની બેઠક, ૫ થી ૬.૩૦ પ્રસાદ, ને ૮ થી ૧૦ રાત્રે સત્સંગ આ પ્રમાણે સામાન્ય રીતે હોય છે. સાધનાની એક ક્ષણ વેડફાય નહિ એની પ્રેમભરી કાળજી મા રાખે છે– રાખવા સૂચવે છે. ક્યાંય પણ દુન્યવી વાતો– ટોળટપ્પાં ન થાય. બોલવું જ પડે તો બહુ ધીમેથી બોલવાનું. એવી શિસ્ત ૩૬૫ દિવસ માટે હોય છે. અલબત્ત, નિર્દોષ આનંદ, પ્રસન્નતાભર્યો વાણી–વર્તનને અહીં હંમેશ આવકાર હોય છે. દિવેલિયા ચહેરા લઈ ફરવાનું નથી. પણ પ્રભુસ્મરણના ગંભીર લક્ષ્યથી ચ્યુત ન થઈ જવાય એ માટે દરેકે જાગૃત રહેવાની શીખ નિત્યની હોય છે.

## અહીંથી શ ં શીખી જશો?

ધૂપ–દીપ–અગરબત્તી–ફૂલહાર નહિ કેવળ સ્નેહ, સમભાવ, સહિષ્ણુતા, ધૈર્ય, સ્વાશ્રય, સ્વચ્છતા, સુઘડતા પવિત્રતા ને કરુણાના મંગલ ભાવોના પ્રસાર માટે અહીં આવનારા મથે એ માટે 'મા' સદૈવ પ્રયત્નશીલ રહે છે. ભજન–કીર્તન–પારાયણોની સમૂહ પ્રવૃત્તિઓ સાથે જપ, માળા,

ધ્યાન, પ્રાર્થનાના એકાંત સાધનાના પ્રયોગોને પણ ચિત્તશુદ્ધિ, દેહભાવ વિસ્મરણ તેમજ પ્રભુપ્રીતિ માટે યોજવા સ્નેહભર્યો અનુરોધ કરે છે, કહે છેઃ 'નાનો નિયમ લો પણ પ્રાણાન્તે પાળો. તમે જ તમારા ગુરુ બનો. થોડા દિવસ સર્વ ચંચલ વૃત્તિઓને વેકેશન પર મોકલો. શાન્ત–સ્થિર રહેવા કોશિશ કરો. સંસારમાં રહો છતાં સંસાર તમને વળગે નહિ તે માટે મથો. અહીંના પવિત્ર પરમાણુઓનો લાભ લો. આળસ, પ્રમાદ, અતિ નિદ્રા પરહરો. બહુ જન્મો સૂતા હવે જાગી જાઓ.' 'મા' પોતે જ પ્રણામો, યોગાસનો, મંત્રજાપમાં કલાકો વ્યસ્ત રહી સ્વર્ગારોહણમાં ઉપસ્થિત સૌને માટે પ્રેરણાનો આદર્શ અનાયાસે પૂરો પાડે છે.

'અહીં પિકનીક માટે, ફરવા માટે કે વિશ્રાન્તિ માટે નહિ પણ સાધના માટે આવ્યા છો એ યાદ રાખો. અહીંના ખૂણેખૂણાની સ્વચ્છતાની જાળવણી એ તમારી ફરજ છે. પાણીનો વ્યય ન થાય, ગટરની રક્ષા થાય, પ્રસાદ લેતા કણ પણ ન વેડફાય, જમતાં મૌન જ પળાય. દરેક બેઠકમાં હાજરી અનિવાર્ય.' આટલા આગ્રહ 'મા' અવશ્ય રાખે. કોઇ સાધક ફરજ–કર્તવ્યનું બહાનું કાઢી અહીંથી જલદી જવા કહે તો 'મા' તરત ટકોર કરે. 'સંસ્થા–કુટુંબની ફરજો ઘણી બજાવી. હવે જાત પ્રત્યેની–પ્રભુ પ્રત્યેની ફરજ બજાવો.' અને કોઇ કર્તવ્ય ચૂકી જાય તો તરત કહે; 'માતા–પિતા' પ્રત્યક્ષ દેવતા છે. પહેલા પતિધર્મ–પત્નીધર્મ બજાવો. બાળકોને એટલા પ્રેમથી મઢીલો કે, એને એમ લાગે કે, 'મારી મા, મારા પિતા જેવું જગતમાં કોઇ છે જ નહિ.' વૃદ્ધ–અશક્ત સાધકો માટે 'મા' ખાસ કાળજીથી ખુરશીઓ મુકાવે. એમને એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જવા



કિશોર–કિશોરીઓને અનુરોધ કરે. ઘરમાં કોઇ સ્વજન ન રાખે એવી સ્નેહભરી કાળજી 'મા' સ્વયં લે. બાળકોને તો એ એવા કિલ્લોલતાં રાખે કે, તેઓ 'મા' પાસેથી હટવા જ ના ચાહે. જે પણ આ ભૂમિ પર પધારે એનું પ્રેમભર્યું સ્વાગત થાય. યોગતીર્થ–સાધના કુટિરના દર્શનનું તાત્પર્ય સમજાવવા સાથે સ્વયં સેવકોને 'મા' મોકલે એટલું જ નહિ એ વિદાય થાય ત્યારે પ્રેમથી પૂછેઃ 'તમને અહિં ગમ્યું? ગમ્યું હોય તો ફરી પધારજો.' અને સરળ ગીતા, શિવસ્તુતિની કેસેટ, કોઇ પુસ્તક કે બીસ્કીટ–ચોકલેટ પ્રસાદરૂપે આપે. કોઇ સાચા જિજ્ઞાસુ ઘણા દિવસ પછી પણ ન આવે તો ફોન કરાવેઃ 'મા દ્વારે, ઊભાં છે. દરવાજે ઊભા છે. પ્રતીક્ષા કરે છે. સામે લેવા આવે? આવી પ્રગટ આતુરતા કોનું મન ન મોહિ લે?'

## આત્મકથા ગ્રંથનું અદ્‌ભૂત સન્માન

અહીં વિદ્વાનોનાં પ્રવચનો, યોગ–કલા–વેદવિશારદો, ડૉક્ટરો–વૈદ્યો વગેરેનાં વ્યાખ્યાનો–નિદર્શનો પણ યોજાય છે. કોઇનામાં કોઇ પણ વિશિષ્ટતા હોય તો 'મા' એને વ્યક્ત કરવા, અન્યને પ્રેરણારૂપ બનવા અવસર આપે છે. લેનાર–આપનાર બંને કૃતાર્થ થઇ જાય એવું મધુર–મંગલ વાતાવરણ ઊભું કરે છે.

પૂ.શ્રી યોગેશ્વરરચિત 'પ્રકાશનાપંથે' આત્મકથાના નૂતન પ્રકાશન અન્વયે એના અલગ–અલગ અંશો પર ચોવીસ તજજ્ઞોના વ્યાખ્યાનોનું સપ્તાહ અદ્‌ભુત હતું. એ પણ ગ્રંથની અંબાજીમાં અંબાડી પર યાત્રા કરાવી 'સ્વર્ગારોહણને આંગણે' થી છેક સાધના કુટીર સુધી સતત પ્રણામોથી વધાવી 'મા' એ યોગતીર્થમાં પ્રતિષ્ઠિત કર્યું. એ અધ્યાત્મ ઇતિહાસની એક અનન્ય વિરલ ઘટના હતી. આવા કોઇ સદ્‌ગ્રંથનું આવું

બહુમાન કોઇ સંતે કર્યાની જાણ નથી. શ્રી રમણ મહર્ષિ રચિત 'અરુણાચલ સ્તુતિ' નો મહાત્મ્ય પણ 'મા' એ અદ્ભુત રીતે કર્યું હતું. આખી સ્વર્ગારોહણ ભૂમિ 'અરુણાચલ શિવ' ના આંદોલનોથી ઝંકૃત થઇ ઊઠી હતી.

## સમૂહ યજ્ઞોપવિત

વર્ષોવર્ષ 'યજ્ઞોપવિત' તેમજ 'મુંડનવિધિ' ના અવસરોના આયોજનને આ ભૂમિને વેદકાલીન સંસ્કૃતિનું ગૌરવ બક્ષી દીધું છે. નાના—નાના બટુકોને ગાયત્રીનો મંત્ર ગુંજતા કરી દઇ, સાધક શ્રી પંડિતજીના શ્લોકગાન—મંત્રોચ્ચારથી પવિત્ર કરી દઇ, એક અનોખા આનંદ—ઉલ્લાસનો અનુભવ 'મા' એ કરાવ્યો છે. અત્યંત ખર્ચાળ એવા ધાર્મિક—સામાજિક પ્રસંગ અહીં અદ્ભુત શાંત—પ્રસન્ન—સાત્વિકતાથી રસાઇ ગયા છે. બટુકો લેતા થાકે એટલી ભેટો એમના પર વરસાવી કૃપા પ્રસાદનો અભિષેક 'મા' એ કર્યો છે.

## ફૂલવાડી

બાળકો માટે 'ફૂલવાડી'ના કાર્યક્રમો યોજી, ધાર્મિક, રાષ્ટ્રીય, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ મનોરંજક પ્રવૃત્તિઓમય એમને એવાં રત કરી દે છે કે, આનંદ—ઉત્સાહનું એક નાનકડું સ્વર્ગ જ ત્યાં મૂર્ત થઇ જાય. સાત્વિક—પવિત્ર પરમાણુઓ પ્રસારતાં 'મા' એ નિર્દોષ બાળકોમાં નાનકડા ફરિશ્તાઓનાં દર્શન કરે અને ત્યાં ઉપસ્થિત વડીલોને કરાવે. બાળકો પરસ્પર સ્નેહ—સંવાદ—સમજણથી મધુર વ્યવહાર કરે એ માટે અનેક વિનોદી યુક્તિ—પ્રયુક્તિઓ કરે અને બાળકો હોંશે હોંશે નિયમિતતા, સ્વચ્છતા, સુઘડતા, સ્વાશ્રય, વ્યવસ્થિતતા,



શીખી જાય. સરળ શ્લોકો, સાદી નાની પ્રાર્થનાઓ, સહેલી ધૂનોના કાલા—કોમળ—મધુરા સ્વરોમાં પ્રભુનું નામ ગૂંજતું થઇ જાય.

## બાળકોનાં 'મા'

અંબાજીમાં રહેતા—ભણતા ૮—૧૦ વિદ્યાર્થીઓની એક મંડળી તો રોજ સાંજે શાળાએથી છૂટી અહીં આવે અને 'મા' આગળ પોતપોતાની પ્રતિભા ઉત્સાહથી પ્રગટ કરે. 'મા' પણ અનેકગણા ઉત્સાહથી એમને બિરદાવે, વિવિધ ભેટો આપે. આમ, અહીં આવતાં બાળકો તો 'મા'ની કૃપાવર્ષા પામે જ. પણ જે બાળકો 'સ્વર્ગારોહણ' જેવું કોઇ સ્થાન છે એ જાણતા સુદ્ધાં નથી. ત્યાં કોઇ પરમ કૃપાળુંમય 'મા' હોઇ શકે એવી કલ્પના પણ કરી શક્તાં નથી એવાં આદિવાસી શાળાઓનાં ભૂલકાં માટે 'મા' ખાસ કાર્યક્રમો યોજી એમને નિમંત્રણ આપી બોલાવે. સાધકોમાં કોઇને ત્યાં પણ વર્ષગાંઠ, લગ્ન જેવા અવસરો હોય ત્યારે પ્રભુનાં આ બાળકો જે જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી પણ વંચિત છે. એમને તૃપ્ત કરવા, એમની હાશ મેળવવા આયોજન કરે અને દરેક વર્ષે જુદી જુદી સ્કૂલોનાં હજાર બાળકોને એમનાં શિક્ષકો સાથે ટેમ્પાઓમાં અહીં નિમંત્રે. ખાસ મહારાજ રોકીને શુદ્ધ તેલ—ઘીની બાળકોને ગમતી વાનગીઓ સામેના મકાનમાં તાજી તૈયાર કરાવે ને એના વ્યવસ્થિત પેકેટો તૈયાર કરાવી, બાળકોને કતારબંધ બેસાડી, સાધકોને બાળકોને પગે લાગી એમના હાથમાં ધરવાનું કહે, મનમાં એક ભાવ ધારવા કહે 'તમારું તમને ધરી અમે ધન્ય બન્યા છીએ.' માત્ર આવાં ફૂડ પેકેટો જ નહિ. અન્ય સાધકો પણ આ 'સ્નેહ યજ્ઞ'માં યજમાન સાથે જોડાય પોતાની શક્તિ પ્રમાણે બિસ્કિટનો પેકેટ,

વેફર, ચોકલેટ—કુરકુરે, કંપાસ, ફૂટ, પેન્સિલ બોક્સ, કલર બોક્સ, નોટસ, યુનિફોર્મ, દફતર, નેપ્કિનો ટુવાલો, સ્લીપર, થાળી—ડીશ—પ્યાલો, વાટકી, ચમચી, ઠંડી હોય તો સ્વેટર, ટોપી, મફલર, વરસાદ હોય તો છત્રી—રેઈનકોટનું વિતરણ કરે. મેલાઘેલા, અબુધ બાળકોના ચહેરા પર ખુશી જોઇ 'મા'ની ખુશીનો પાર ન રહે. આવી કેટલીય ધન્યક્ષણો સ્વર્ગારોહણને આંગણે શાશ્વત સ્મરણસ્થ થઇ ગઇ છે.

## અભાવગ્રસ્ત આદિવાસીઓનાં 'મા'

આદિવાસી બાળકોને ઉતરેલું, નકામું, વધારાનું નહિ પણ એમને ઉપયોગી થાય એવું નવું નકોર, ઉત્તમમાં ઉત્તમ આપવું એવી જ 'મા'ની યોજના હોય. સ્વેટર, યુનિફોર્મ, સ્લિપર બાળકોની સાઈઝ પ્રમાણે જ અપાય. સ્વયંસેવકોની એક ફોજ મહિના પહેલાં બાળકો પાસે જઇ સર્વે કરે પછી જ વ્યવસ્થા થાય.

દાન આપનાર સ્વયં બાળકને પ્રેમથી પહેરાવે એવો આગ્રહ 'મા' રાખે જ રાખે.

વહેલી સવારે દૂર દૂરના ગામોથી જંગલમાં લાકડાં વીણવા જતી સ્રીઓ માટે બિસ્કિટ, ચવાણું, મિઠાઇ જેવા કોઇ ને કોઇ પ્રસાદની વ્યવસ્થા સાધકો કરે છે એ પણ 'મા'ના સૂચનથી.

## મેડિકલ કેમ્પો

'સ્વર્ગારોહણ'ને આંગણે મેડિકલ કેમ્પો પણ દર વર્ષે ભારે કાળજીથી સર્વમંગલ ટ્રસ્ટની સહાયથી યોજાય એવી આયોજના 'મા' કરે છે. નેત્રયજ્ઞ હોય કે ફૂટ કેમ્પ હોય કે જનરલ કેમ્પ. સ્વયંસેવકો આજુબાજુના ગામડાઓમાં—ડુંગરા પર, જંગલોમાં વસતા દર્દીઓને જાણ કરે છે, સમજાવે છે અને નિઃશુલ્ક સારવાર લેવા પ્રેરે છે. વિદેશમાંથી નિયમિત દર વર્ષે મેડિકલ



કેમ્પમાં સેવા જ નહિ, સંપૂર્ણ અનુદાન આપનારાં ડૉક્ટરો પણ છે, જેઓ આ યજ્ઞમાં જોડાઇ ધન્યતા અનુભવે છે.

જે તે રોગના નિષ્ણાત ડૉક્ટરોની સેવાઓ લેવાય છે. જે દિવસે કેમ્પ હોય તે દિવસે સ્વર્ગારોહણમાં મોટો શમિયાણો બંધાય. બધાંને બહાર કતારબંધ રાખી, બોલાવી પાથરણા પર બેસાડવામાં આવે ને પછી જે તે વિભાગમાં દર્દીને સ્વયંસેવકો દોરી જાય. ડૉક્ટરો નિદાન કરી લે પછી તેમણે પ્રિસ્ક્રાઈબ કરેલી દવાઓ આપવામાં આવે ને ત્યારબાદ સામેના ભવનમાં ભોજન માટે લઇ જવાય. સાંજે પૂર્ણાહુતિ વખતે દરેક દર્દીને ઉપયોગી થાય એવી વસ્તુઓ જેવી કે, ગાદલુ, શેતરંજી, ચાદર, ટુવાલ, ચારસા, કથરોટ, વાટકા, તપેલી, ડોલચાં, થાળી, વાટકા, પ્યાલા, બિસ્કિટ, વેફર, સેવ-ગાઠિયા, ચવાણું, બુંદીના લાડુના પેકેટ બધું અપાય. પ્રત્યેક ડૉકટરની સેવા પણ પણ પુષ્પથી-શબ્દોથી ભેટસોગાદથી નવાજવામાં આવે. કેમ્પનું કામ પુરજોશમાં ચાલતું હોય ત્યારે લીંબુનું શરબત ને છાશ ડૉકટરો તેમજ દર્દીઓને સ્વયં 'મા' પ્રસાદરૂપે ધરે. કેમ્પમાં સાથે એક સગાવહાલાંને પણ લાવવાની છૂટ હોય છે. મોતિયાના ઓપરેશન તેમજ દર્દીઓને ફૂટકેમ્પ વખતે તો આખું એક સપ્તાહ મહેમાનો તરીકે રાખવામાં આવે છે. એમની રહેવા—જમવાની બધી વ્યવસ્થા સર્વમંગલ ટ્રસ્ટ, દાનવીર સાધકો અને સ્વયંસેવકો ખડે પગે કરે છે. વર્ષોવર્ષ નિયમિત સારવાર માટે અહીં પધારતા દર્દીઓ 'સ્વર્ગારોહણ'ને રોગ હરનાર કેન્દ્ર તરીકે જ નહિ પણ 'મા'નો અનન્ય પ્રેમ અને સાધકોનો સેવા ભાવ અનુભવી 'સ્વર્ગારોહણ'ને મંદિર અને પૂ.માને ભવરોગહારિણી જગદંબા તરીકે જોનાર ભાવિક ભક્ત બની જાય છે. અહીં આવનાર

પ્રત્યેક દર્દી 'મા'ના વહાલા સંતાન તરીકેનું સન્માન પામે છે.

વિદેશમાં વસતા કેટલાય ઉદ્યોગપતિઓ, નોકરિયાતો પોતાની લક્ષ્મીનો 'મા' થકી દરિદ્રનારાયણ સુધી પહોંચાડી ધન્ય બને છે.

## આ પક્ષીઓનું પિયર

અહીં જન્માષ્ટમી, શિવરાત્રી જેવા ધાર્મિક તહેવારો, પંદરમી ઓગસ્ટ તો શ્રી યોગેશ્વરના પ્રાગટ્યદિન અને સ્વાતંત્ર્યદિનના બેવડા મહિમાથી ઉજવાય છે. પ્રજાસત્તાક દિનની સાથે 'મા' જ્યોર્તિમયી જન્મજયંતી 'મા' સર્વેશ્વરી પ્રાગટ્યદિન પણ ઉજવાય છે.

સ્વર્ગારોહણમાં પક્ષીઓ માટે ખાસ ચણ ધાબા પર, અગાશીમાં સ્વચ્છ ચાદર પર પથરાય છે ને પક્ષીઓના ટોળા જ્યારે એ ચણની આસપાસ ઘૂમરાય, ગોઠવાય ને આરોગે ત્યારે એ

મંગલ દૃશ્ય જોઇ રાજી–રાજી થઇ જનાર 'મા' સાધકોને બોલાવી એનાં સાક્ષી બનાવે છે. 'મા' પર્યાવરણવાળાને પૂછે 'આ પક્ષીઓ માટે કંઇ મિષ્ટાન જેવું કંઇ હોય ખરું?' સ્વર્ગારોહણમાં ચકલીઓ ચહેકતી હોય, કાબરો કિલબિલાટ કરતી હોય, કબૂતર શાંત બેઠાં હોય કે કોયલ ટહૂકો કરતી હોય તો 'મા' બધાંને શાંત થઇ એ સ્વરો સાંભળવા અનુરોધ કરે છે.

'સ્વર્ગારોહણ'ના વૃક્ષો–વેલીઓ, ડાળીઓ–પુષ્પો પર્ણો–ફળોની માવજત 'મા' બહુ પ્રેમપૂર્વક કરે–કરાવે. વિદેશ જાય તો ય વારંવાર ફોન કરી પૃચ્છા કરે. 'ગમે તેટલી પાણીની તંગી હોય પણ વનસ્પતિસૃષ્ટિને ટેંકરો ખરીદીને પણ પાણી પાજો. એ તરસી ન રહે.' મકાનના બાંધકામ અંગે કોઇ મોટા વૃક્ષને દૂર કરવાનું હોય તો એનું વિસર્જન કરવા કઠિયારા સાથે ભક્તો પણ



જોડાય. સતત મન્ત્રગાન થાય ને નિર્મૂળ કરેલ વૃક્ષનાં પત્ર–ડાળી–થડને વંદન કરી 'મા' લખેઃ 'હે વૃક્ષદેવતા! તમે વર્ષો આ ભૂમિની સેવા કરી છે. અમે તમારા ઋણી છીએ.' સ્વર્ગારોહણ સાથેનો એનો ચેતનાનાતો સ્ફુટ કરવામાં આવે. અહીંના ગુલાબ, મોગરા, જૂઇ, મધુમાલતી, બારમાસી, ટગર, બોગનવેલ, એક્ઝોરા, ભરપૂર ખીલી–ખીલીને આ ભૂમિને સોહાવતાં હોય. તુલસી–ડમરા, લીંબું, સીતાફળ, સેતુર, મરચાં રીંગણ, દૂધી, આસોપાલવ, લીંમડા આંબા, સપ્તપર્ણ આવનારાનું અભિવાદન કરતાં હોય. અહીં અનુશાસન એવું છે કે, નાનું બાળક રમતમાં પણ એક પણ ફૂલ કે પાન તોડે નહીં. દરેકને ખીલવાનો–જીવવાનો અધિકાર મળે. વિવિધ ફૂલો–પર્ણોનાં કૂંડા પણ નવા–નવા રંગો ધારણ કરે. ચોતરફ જ્યાં નજર પડે ત્યાં કલાત્મક ઉપવનની રમણીયતામાં માની સંવેદનશીલતાનો આવિર્ભાવ અનુભવાય. સ્વર્ગારોહણની મધ્યમાં 'તીર્થસંગિની'નું પ્રતિષ્ઠા શ્રી યોગેશ્વરજી સાથેની એક સાધકની તીર્થયાત્રાના જીવંત સ્મરણચિહ્ન રૂપ છે.

'સ્વર્ગારોહણ'ના પ્રાંગણમાં એક નાનકડું બાલોદ્યાન–ક્રીડાંગણ પણ છે. જેમાં બાળકોને હીંચવાના ઝૂલા, લપસણી છે. તો વૃદ્ધોને બેસવાના બાંકડા પણ છે. સપ્તપર્ણનો ઘટાદાર વૃક્ષના થાળા બેઠક તરીકે છે. જ્યાં નજર પડે ત્યાં બધું જ સાફ સૂથરું, સ્વચ્છ, વ્યવસ્થિત, સુઘડ જ દેખાય. કચરાનું–સૂકાયેલાં ફૂલો–પર્ણોનું ક્યાંય નામનિશાન નહી. બધું વળાતું જ રહે, પ્રેમ ભર્યું જતન પામતું જ રહે એવી નિરંતર વ્યવસ્થા સાધકોના રહેવાના ખંડો પણ અદ્યતન સુવિધાથી સંપન્ન હોય છે.

પરમ પૂજ્ય 'મા'ના ચૈતસિક, પવિત્ર, શુચિપૂર્ણ પ્રભાવને

જાણી—પારખી, 'મા'ની આંતરશ્રીનું જ દર્પણ એવા 'સ્વર્ગારોહણ'ની વ્યવસ્થાનું સુચારું સંચાલન એક નિવૃત્ત પીએચ.ડી. વૈજ્ઞાનિક ને તેમનાં વ્યવહારકુશળ પત્ની કરે છે. આ દંપતી સ્વેચ્છાએ નિઃશુલ્ક સેવા અર્પી રહ્યાં છે. એવા જ એક સમર્પિત ખેતીકામ જાણનારા ભાઈ સ્વર્ગારોહણનું બાગકામ અત્યંત જતનથી કરી રહ્યા છે. 'મા' દેશમાં હોય કે વિદેશમાં 'સ્વર્ગારોહણ'ની દરેક નાની—મોટા સેવા કરનારા સેવાભાવી યુવક—યુવતીઓ ભાઈઓ—બહેનો છે. રસોઈ કરનાર મહારાજ હોય કે અન્ય સંવકો સર્વ પૂરો હૃદયરસ રેડી વર્ષોથી અહીં કામ કરે છે. સ્વર્ગારોહણના બાંધકામમાં પુનર્નિર્માણનું કાર્ય ચાલ્યા જ કરે છે તો કાન્ટ્રેક્ટરો, ઈજનેરો, કારીગરો સેવકો આ ભૂમિને જ વર્યા હોય એમ સતત સેવા અર્પી રહ્યા છે. જે એકવાર અહીં આવે છે એ અન્યત્ર જવાનું નામ નથી લેતા કેમકે, 'મા'નો ભરપૂર પ્રેમ ને કાળજી તો ખરાં જ, પણ એમનો પ્રસ્વેદ સૂકાય એ પહેલાં એમના કાર્યનું વળતર—પ્રસાદ અને તે પણ મબલખ મળે છે. રોજ સાંજે ઘરે જતો સેવક કવર સાથે કુટુંબ માટે બે લાડુ લઈ જાય છે. ભરબપોરે તાપમાં કે વરસતા વરસાદમાં સેવકોને સહાયરૂપ થવા ખુદ 'મા'એ તગારાં ઈંટ ઉપાડ્યાના દાખલા છે. સાધકો સાથે સહજભાવે જોડાઈ જાય. કંઈ કેટલાય 'શ્રમયજ્ઞો' 'મા'એ અનાયાસે યોજ્યા હશે! કેટલીય રાતોએ 'મા'એ આ સેવકો માટે ગરમ ગરમ શીરો, ખજૂરપાક, સુખડી, ભજિયાં તૈયાર કરાવ્યાં છે. બાળકોને ભૂખ લાગી હશે એમ વિચારી રાત્રે બાર વાગે અચાનક ઘંટ વગાડીને સાધકોને સેવકો માટે કંઈ મિષ્ટાન—ફરસાણ—તૈયાર કરવા પ્રેર્યા હશે. અણધારી કેટલીય ભેટસોગાદો તો 'મા' અવારનવાર વરસાવ્યા જ કરે.



અહીં સર્વને કાર્ય કર્યાની કૃતાર્થતા ને 'મા'ના અઢળક પ્રેમનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

## પદયાત્રાઓ

અમદાવાદથી—મોરબીથી—વડોદરાથી સ્વર્ગારોહણ યુવાનોની પદયાત્રાઓ બહેનોની—ભાઈઓની સાયકલયાત્રાઓનું આયોજન કરી 'મા' એ એમનામાં રહેલી સાહસવૃત્તિને સમાંતરે પ્રભુશ્રદ્ધા વધારવાનાં નિમિત્તો ઊભાં કર્યાં છે. એ જ રીતે શ્રી યોગેશ્વરજીનો જે ભૂમિ પર તપસ્યાબળે શ્રી રામનો સાક્ષાત્કાર થયેલો એ દશરથાચલની કઠિન યાત્રા માટે દેશ—વિદેશના સાધકો, યુવાનો—કિશોરો—બાળકોને પ્રેરી, મંગલ માર્ગદર્શન આપી ધન્ય કર્યા છે. હરિદ્વાર—ગંગાદર્શનનો આહ્લાદ દર વર્ષે પોતાની સંનિધિમાં અનેક સાધકોને અર્પી ભારતીય સંસ્કૃતિ તેમજ પવિત્ર આધ્યાત્મિક સંપત્તિનું માહાત્મ્ય સમજવા સુભાગી બનાવ્યા છે. બે વર્ષ પહેલાં હિમાલયના સ્વર્ગારોહણની અતિ કઠિન યાત્રા સાત યુવાનોએ અંતઃપ્રેરણાથી કરી જીવનમૃત્યુ સટોસટનો ખેલ ખેલી લક્ષ્ય પરિપૂર્ણ કર્યું. એમાં એમને કેવળ ને કેવળ 'મા'માં રહેલી અપ્રતિમ શ્રદ્ધાનો પ્રતાપ જ પ્રતીત થયો. એક યુવાન ગંગાજીમાં ડૂબવાની અણી પર જ હતો પણ 'મા'ની અલૌકિક કૃપાથી અજાણ્યા માણસે નદીમાં ઝંપલાવી બચાવી લીધો.

'મા' દરેક જીવની ભૂમિકા—કક્ષા પ્રમાણે એમની આગળ પ્રભુશ્રદ્ધાનાં પ્રતીકો મૂક્તા જાય છે. તેમના પસંદ કરેલા જ્ઞાન—
કર્મ—ભક્તિના માર્ગોને અજવાળતાં જાય છે.

આજે ૨૫—૨૫ વર્ષ પછી પણ પરમ આરાધ્ય શ્રી

એવો તરોતાજા રહ્યો છે કે, ૧૨ કરોડ જપ પૂરા થવામાં છે, શ્રી ગુરુદેવના એકએક વિચાર, આદર્શ, ધ્યેય, સ્વપ્ન અરે એકેએક તરંગ, સ્પંદનને મૂર્ત–જીવંત કર્યા પછી પણ 'મા' એ પોતાનું નામ ક્યાંય ઉપસવા દીધું નથી. શ્રી યોગેશ્વરજીને જ આગળ ને આગળ કરી રહ્યાં છે. અનેક અલૌકિક દિવ્ય શક્તિઓથી સંપન્ન હોવા છતાં જગત સમક્ષ સાધિકારૂપે જ પ્રગટ થઇ, સાધના–તપનો કોઇ છેડો ન હોઇ શકે, એ સતત રહેવી જોઇએ. જીવનની ક્ષણેક્ષણમાં મૌન, વર્તન, વ્યવહાર સર્વમાં એવો આદર્શ મૂકી રહ્યાં છે.

## પૂ.માની સાધના

શ્વેતવસ્ત્રાવૃત્તા 'મા'નું ભીતર–આંતરદ્રવ્ય પણ એટલું જ શ્વેત–ઉજ્જવલ–શુચિપૂર્ણ છે. ઇ.સ. ૧૯૮૪ થી અનશનવ્રત ધારી, કેવળ ફળાહાર ને કેટલાય નિર્જળા ઉપવાસ કરનાર 'મા' સદા પ્રસન્ન સ્ફૂર્તિવંત રહી. નિયમિત ૨૭૦ પ્રણામ અને વિવિધ યોગાસનો કરી, અદ્‌ભુત દેહશુદ્ધિનું ઉદાહરણ આપણી સમક્ષ મૂકી, પ્રભુએ અર્પેલ દેહના વરદાનનું ગૌરવ કરી રહ્યાં છે. ઇ.સ.૧૯૯૫ થી મૌનવ્રત ધારનારાં 'મા'ના મધુર કંઠે ગવાયેલાં ભજનોની ૫૦ કેસેટો, વાણીની ઉત્તમોત્તમ ઉપાસનાનો ઉમદા સ્મૃતિચિહ્ન છે. 'મા'નું મૌન માત્ર વાણીનું જ નહિ, મનનું–વિચારોનું મૌન છે. સમગ્ર અસ્તિત્વનું મૌન છે. સ્વેચ્છા સહજ થઇ ગયેલું વરણ છે. એટલે એમની સંનિધિમાં આત્માશ્રીનો નીરવ સંવાદ અનુભવાય છે. જિજ્ઞાસુઓ–ભક્તો સાથે સંવાદ માટે સ્લેટ રાખનારાં 'મા' લખે છેઃ 'આ સ્લેટ પર પ્રભુ જ લખાવે છે એક પણ શબ્દ 'મા' નથી લખતાં.' નિઃશેષ સમર્પણ ને સંપૂર્ણ અહમ્‌રહિતતા એ માનું આંતરઐશ્વર્ય છે.

પરમ ભાગવતી શક્તિથી પૂર્ણ વિભૂષિત થયા પછી પણ,



માતાપિતાના સ્નેહ દીધેલ 'સરોજ' નામ સંસારમાં રહેવા છતાં સંસારી નહિ બનીને સાર્થક કર્યા પછી અને પૂજ્યશ્રી યોગેશ્વરે અર્પેલ 'સર્વેશ્વરી' નામ સંપૂર્ણપણે સિદ્ધ કર્યા પછી પણ, એઓશ્રી પોતાને 'મા' કેવળ 'મા' કહેવડાવવું પસંદ કરે છે. અને પોતાની સમક્ષ દરેક બાળક કોઇ પણ રોકટોક વિના, સંકોચ કે ક્ષોભ વિના, પાત્રતા કે અધિકાર વિના, કેવળ પ્રેમ ધરીને ઊભું રહી જાયતો

એના યોગક્ષેમની સર્વ જવાબદારી એ બહુ સહજ સ્નેહથી પોતાને શિર લઇ લે છે. સંપૂર્ણ નિરપેક્ષભાવે પોતાને શિર લઇ લે છે. સંપૂર્ણ નિરપેક્ષભાવે પોતાના હૃદયનો તાર એની સાથે જોડી દે છે અને જ્યારે જ્યારે, જેને જેને, જેટલી–જેટલી આવશ્યક્તા હોય એવી પ્રગટ કૃપા વર્ષા તે કરતાં જ રહે છે. એક વાર એમની સંનિધિમાં આવી જનારો જીવ સૂક્ષ્મ–અપ્રગટ સ્નેહવર્ષા તો સદૈવ પામતો જ રહે છે.

હા, કોઇ જાદુઇ ઇલમ કે ચમત્કારથી જગતનાં સઘળાં કષ્ટોને દૂર કરી દેવાનો તે દાવો કરતાં નથી પણ પ્રારબ્ધવશાત્ મનુષ્યો કોઇ આફતમાં આપત્તિમાં મૂકાય તો એને હળવી કરવાના, સમજણપૂર્વક સહેવાના સરળ ઉપાયો અતિ સ્નેહથી તે સૂચવે છે. સ્લેટ પર લખીને, જરૂર જણાય તો પત્ર લખીને કે ફોન પર કોઇ માધ્યમ દ્વારા પણ એ દુઃખી જીવના સંપર્કમાં રહી સતત એને ધીરજ, હિંમત ને શ્રદ્ધા બંધાવ્યા કરે છે. 'મા'ની આવી

સ્નેહસંનિધિ અનેક વેરાન હૃદયોમાં આશાની–નવજીવનની વસંત પ્રગટાવે છે છતાં કોઇપણ શુભ–વાંછિત પરિણામ માટે એ પ્રભુને જ ખો આપેલો રાખે છે. કોઇ પણ કાર્યના પ્રારંભે, કાર્ય દરમિયાન ને કાર્ય સંપન્ન થયા પછી તેઓશ્રી શ્રી પ્રભુને જ એના યશાધિકારી ગણી નમે છે, પ્રણમે છે.

## પૂ.માની આધ્યાત્મિક ઓળખ

અલબત્ત પૂજ્યશ્રી યોગેશ્વરજીએ 'મા' સર્વેશ્વરીની સાચી

ઓળખ આપતાં સ્પષ્ટ કહ્યું છેઃ 'જે સર્વેશ્વરીને સામાન્ય સ્ત્રી માને છે તે ભૂલ કરે છે. એ તો જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે.' એમણે એમ પણ કહ્યું છે કે, 'હું ને મા સર્વેશ્વરી મૂળભૂત રીતે એક જ છીએ.'

સાથે એમ પણ સૂચવ્યું છે કે, 'આ પોતાની ગુણાનુરાગિતા, ઔદાર્ય કે સમજણનો પ્રતાપ નથી. 'મા' સ્વયં ઉત્તમ ગુણવત્તાયુક્ત ઉમદા ચરિત્ર છે. એમનો મહિમા સ્વયંભૂ છે.' અદ્‌ભુત આત્મશ્રદ્ધા અને અપૂર્વ નિષ્ઠા શ્રી યોગેશ્વરને એમ પણ કહેવા પ્રેરે છે કે, 'આપણે જગતને એવો આદર્શ ધરીએ કે, જગત મોંમાં આંગળા નાખી જાય. જુએ કે, પ્રેમ તો આવો, ત્યાગ તો આવો જોઈએ. સમર્પણભાવ તો આવો જ જોઈએ.'

આજે સ્નેહ સમર્પણ ત્યાગનું બેમિસાલ મૂર્તિમત સ્વરૂપ સાધારણતામાં છુપાયેલ અસાધારણતાનું ઐશ્વર્ય પણ 'મા' એ સિદ્ધ કરેલ સ્નેહ–ત્યાગ–સમર્પણનું અદ્‌ભુતરૂપ અંતરનિહિત જ રાખ્યું છે, ને પોતે અંતરસ્થ શ્રી યોગેશ્વરજીનો બહિશ્ચર પ્રાણ હોય

એવી તદાકારતા–એકરૂપતા અભિન્નતા ક્ષણશઃ સાધતાં છતાં અતિવિનમ્રતાથી યોગેશ્વરજીને ક્યાં તો 'સદ્‌ગુરુ' ક્યાં તો 'પ્રભુ' તરીકે સ્મરતાં–પૂજતાં, એમનાં ગૌરવને અક્ષત રાખતાં સાધિકારૂપે જ પ્રગટ થતાં રહી; અહમ્‌રહિતતાનું અપૂર્વ ઐશ્વર્ય રેલાવી 'સ્વર્ગારોહણ'ને 'શ્રી યોગેશ્વરના પુનિતસ્મૃતિતીર્થ'ની સાથે–સાથે ''મા' સર્વેશ્વરીના મંગલસ્નેહતીર્થનું ગૌરવ બક્ષે છે. અહીં આવનાર દરેક પૃથ્વીવાસી તમામ દુન્યવી ચિંતાઓથી મુક્ત એવી પ્રછન્ન શાંતિના સ્વર્ગનું આરોહણ કર્યાનો પરિતોષ પામે છે એટલે આ પુણ્યભૂમિનું 'સ્વર્ગારોહણ' નામ સાર્થક બને છે.

જીવતાં જીવત જ સ્વર્ગનો આહ્લાદ અર્પનારી આ પુણ્યભૂમિ 'મા'ના પવિત્ર પ્રેમની અમૂલ્ય સૌગાદ છે, તેના પ્રત્યેક સંતાન માટેની પણ 'મા' કહે છે તેમ, 'આવે એ પામે. આવી શકે એ



જ પામી શકે. આ ભૂમિની દિવ્યતા–પ્રભુતા સદૈવ ભક્તોની પ્રતીક્ષામાં હોય છે પણ બડભાગી જ આવતા હોય છે.'

સાચે જ 'મા' જેવા પરમસંતોની સાધારણતામાં છૂપાયેલું ઐશ્વર્ય પિછાનવું સર્વ માટે સરળ નથી. એટલે જ પૂ.શ્રી યોગેશ્વરને કહેવું પડેલુંઃ

'સૌ કોઈ એમને ઓળખી, સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.'

આવા પૂનિત પૂ.'મા'ની સુખદ સંનિધિ માણવા સ્વર્ગારોહણ જઈએ તો ધન્ય બનીએ ને શ્રી રમણ મહર્ષિનાં વચનોની તત્કાળ પ્રતીતિ કરી શકીએઃ 'તીર્થો' અને મૂર્તિઓ ઘણા વખત પછી લોકોના મનને શુદ્ધ કરે છે જ્યારે(પૂ.'મા' જેવા) સાધુપુરુષો દષ્ટિક્ષેપમાત્રથી તત્કાળ શુદ્ધ કરી દે છે.'

નાશવંત સુખનો સર્વથા ત્યાગ કરવાથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**


**n સ્થાપત્ય કન્સ્ટ્રક્શન n**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# સ્વામી શ્રી શિવપાદાનંદજી

મા સર્વેશ્વરી

વિદેશની ધરતી ઉપર પણ સંતોના દર્શન થાય? કેમ ન થાય? સંતો તો સર્વત્ર હોઇ શકે.

૧૯૮૨ ના નવેમ્બર માસમાં પૂ. શ્રી યોગેશ્વરજી સાઉથ આફ્રિકાની યાત્રાએ પધાર્યા.

સાઉથ આફ્રિકાના ડરબન શહેરમાંની એક સંસ્થાના આમંત્રણને માન આપી એ ધાર્મિક યાત્રાનું આયોજન થયું.

ડરબન શહેર ઘણું મોટું છે. ત્યાં પહોંચ્યા પછી બીજે જ દિવસે ડરબન શહેરના શ્રી રામકૃષ્ણ સેન્ટરની મુલાકાત લેવાનું બન્યું.

૧૯૪૨ થી સ્થપાયેલી એ સંસ્થા બંગાળના જ નહીં, વિશ્વભરના વિખ્યાત સંતપુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસના નામ સાથે સંકળાયેલી છે.

એ સંસ્થાના વિશાળ સત્સંગભવનમાં જ્યારે અમે પ્રવેશ્યાં ત્યારે ત્યાં શ્રી રામકૃષ્ણદેવની સમાધિસ્થ ઊભી ભાવમય પ્રતિમાનાં દર્શન પ્રવેશદ્વારમાં જ થયાં. અંદર મંદિરમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી અવસ્થાની પ્રતિમાનાં દર્શન થયાં.

દર્શન કરી રહ્યા ત્યાં તો એક ભગવાવસ્ત્રધારી વ્યક્તિ અમારી પાસે આવી પહોંચી.

માથે લાંબા કાળા વાળ,કાળા વાળથી શોભતી દાઢીવાળું મુખમંડળ, મુખ ઉપર પ્રસન્નતા, પ્રેમાળ આંખ, શરીર ઉપર ભગવાં વસ્ત્રો.



પૂ.શ્રી યોગેશ્વરજી સાથે પ્રણામની ઔપચારિક વિધિ પૂરી કરી ત્યાં જ શ્રી રતિભાઇએ પરિચય પ્રદાન કર્યોઃ–

સાઉથ આફ્રકામાં શ્રી રામકૃષ્ણ સેન્ટર ઘણાં શહેરોમાં ચાલે છે. તે બધા જ સેન્ટરોના મુખ્ય અધ્યક્ષ સ્વામી શ્રી શિવપાદનંદજી છે.

પરિચય બાદ સ્વામી શ્રી શિવપાદાનંદજી અમને એમના બેઠકના અલગ સ્થાન તરફ દોરી ગયા.

અને ત્યાં સ્વામીજીની જે મુખ્ય બેઠક હતી એ બેઠક ઉપર જ ખૂબ આગ્રહ કરીને પૂ. શ્રી યોગેશ્વરજીને તેઓએ બેસાડ્યા.

પ્રથમ દર્શને જ આખાયે દેશના શ્રી રામકૃષ્ણ સેન્ટરના એ મુખ્ય અધ્યક્ષ સ્વામીના અંતરમાં કેટલી બધી નમ્રતા, અતિથિ સંત પ્રત્યે કેવો અદ્‌ભુત પ્રેમભાવ છે તે અનુભવવા મળ્યો.

પ્રથમ મુલાકાતે પૂ. શ્રીએ થોડી વાતો કરી. પરિચય તો ત્યાંથી જ શરૂ થયો અને પછી ઉત્તરોત્તર પ્રેમભાવ વધતો જ ગયો. પૂ. શ્રીના જાહેર અંગ્રેજી પ્રવચનોની શુભ શરૂઆત શ્રી રામકૃષ્ણ સેન્ટરથી જ થઇ. પછી તો સેન્ટરની ઘણીવાર મુલાકાત લીધી. ઘણાં પ્રવચનો પણ ત્યાં થયાં.

મેં એક મુલાકાતમાં પૂજ્યપાદ સ્વામીશ્રી શિવપાદાનંદજીના જીવન વિષે પણ થોડી માહિતી મેળવી. સ્વામીજી પોતાની સાધના વિષે ખાસ વાતો નથી કરતા એવું પણ શ્રી રતિભાઇએ જણાવેલું, છતાં સ્વામીજીના શ્રીમુખે જે કંઇ જાણવા મળ્યું તે ઘણું પ્રેરક હતું.

પૂજ્યપાદ સ્વામી શ્રી શિવપાદાનંદજીના માતાપિતા મહાકાલીના ઉપાસક હોવાથી નાનકડી ઉંમરથી જ સ્વામીજી પણ પૂજા માટે મંદિરમાં જતા. એમનો જન્મ સાઉથ આફ્રિકામાં

જ થયો હોવા છતાં બાળપણથી જ આધ્યાત્મિક સંસ્કારોનું ઘડતર સહજ રીતે થયું.

શરૂઆતમાં તેમને ભગવાન શંકર અને હનુમાન પ્રત્યે પણ આકર્ષણ હતું. છતાં પૂર્વના પવિત્ર સંસ્કારો જાગ્રત થયા ત્યારે એમને એક વિદેશી વૃદ્ધ મહારાજ પાસે બ્રહ્મચર્યની દીક્ષા મળી.

સાઉથ આફ્રિકામાં ઇ. સ. ૧૯૪૨ માં જેમણે શ્રી રામકૃષ્ણ સેન્ટરની સ્થાપના કરેલી તે ગુરુ મહારાજ સ્વામી શ્રી નિશ્ચલાનંદજીનો સહજ રીતે જ મેળાપ થયો.

ગુરુ મહારાજ સ્વામી શ્રી નિશ્ચલાનંદજી એકવાર સ્વામી શ્રી શિવપાદાનંદના ઘરે આવેલા. એમની માતાને એમણે કહ્યું કે આ છોકરો મને આપી દો. અને માતાએ એ વાતને સ્વીકારી લીધી.

પરિણામે સમાજને સ્વામી શ્રી શિવપાદાનંદજી જેવા સંતરત્નની ભેટ મળી. માતાનો કેવો ત્યાગ અને સદ્‌ગુરુની કેવી દૂરદર્શિતા કે દિવ્ય દૃષ્ટિ!

સ્વામી શ્રી નિશ્ચલાનંદજીએ શ્રી શિવપાદાનંદજીની આધ્યાત્મિક યોગ્યતાને જાણી લીધી હોય એમ ઘણીવાર કહેતા કે ભવિષ્યમાં આશ્રમ એ સંભાળશે.

અને સાચે જ ઇ. સ. ૧૯૬૫ માં ગુરુ મહારાજનું શરીર શાંત થયું, એટલે ૧૯૬૬ માં સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સંન્યાસ લીધો અને ગુરુ મહારાજે સ્થાપેલા શ્રી રામકૃષ્ણ સેન્ટરની પણ સંભાળ લેવાની જવાબદારી સ્વીકારી લીધી. અને એ રીતે ગુરુ મહારાજના શબ્દો સાચા ઠર્યા.

શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ તથા મહાકાલીમાં સ્વામી શ્રી શિવપાદાનંદજીને નાનપણથી જ અનન્ય શ્રદ્ધા હતી. પરિણામે તેમને સાધનાત્મક ક્ષેત્રે ઘણાં દિવ્ય દર્શનના અનુભવો પણ થયા



છે.

સંન્યાસ લીધા પછી એમણે ભારતની અત્યાર સુધી ત્રણવાર યાત્રા કરી. અને વસિષ્ઠગુફા, ઋષિકેશ, બેલુરમઠ, દક્ષિણેશ્વરમાં પણ નિવાસ કરીને શ્રી રામકૃષ્ણ મીશનના અધ્યક્ષ સ્વામી શ્રી વિરેશ્વરાનંદજી સાથે પણ તેઓ થોડુંક રહ્યા.

એમણે ઇ.સ.૧૯૫૯ માં ડરબનમાં અવોકા વિસ્તારમાં એક સંસ્થાની સ્થાપના કરી. ઇ. સ. ૧૯૮૦ માં એસેવીલમાં આવેલી બીજી સંસ્થાની સ્થાપના કરી. વળી આજકાલ પીટર્સમેરીબર્ગમાં ત્રીજું કેન્દ્ર ચાલુ થઇ ગયું છે. આમ સ્વામીજીના શુભ હસ્તે શ્રી રામકૃષ્ણ સેન્ટરનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે.

ડરબનમાં બે સંસ્થાઓનું સફળતાપૂર્વક આધ્યત્મિક રીતે સ્વામીશ્રી શિવપાદાનંદજી નેતૃત્વ સંભાળી રહ્યા છે. વળી ત્યાં બે નાનકડા યુવાન સંન્યાસીઓ સ્વામીશ્રી પ્રમાનંદજી તથા સ્વામીશ્રી શારદાનંદજી અને ઇસ્ટ લંડનમાં સ્વામીશ્રી માધવાનંદજીને પણ પૂજ્યપાદ શિવપાદાનંદજીએ આધ્યાત્મિક રીતે તૈયાર કર્યા છે.

ડરબનના બન્ને સેન્ટરોમાં દર શનિરવિ જાહેર સત્સંગ ભજનકીર્તનના કાર્યક્રમો થાય છે. જનતા ઘણા ઉત્સાહથી ત્યાં નિયમિત આવીને ભાગ લે છે. શ્રી રામકૃષ્ણદેવનો જન્મોત્સવ, શિવરાત્રી, જન્માષ્ટમી જેવા ઉત્સવો પણ ઉજવાય છે. આખા દેશના વિદ્યાર્થીઓનું પણ સંમેલન ત્યાં ભરાય છે. વિદ્યાર્થીઓની રેલી પણ નીકળે છે. સાઉથ આફ્રિકામાં શ્રી રામકૃષ્ણપરમહંસદેવની આધ્યાત્મિક પ્રસાદી એ સ્થળોમાંથી સૌને મળે છે.

ડરબનનું અવોકાનું એ સેન્ટર વિશાળ જમીનમાં પથરાયેલું

છે. ત્યાં પ્રવેશ કરતાં જ આપણને કોઇ પ્રાચીન ઋષિ મુનિઓના શાંત આશ્રમમાં પ્રવેશ કરતાં હોઇએ એવો સહજ રીતે જ અનુભવ થાય છે. તે સ્થાનમાં પ્રવેશતાં જ મોરલાઓ કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. સુંદર વૃક્ષો ને વેલીઓથી શોભતા એ સ્થાનમાં બહાર જ ભગવાન શંકરની આરસની સુંદર આકર્ષક નાનકડી પ્રતિમા અને એના ઉપર સહજ રીતે જળનો છંટકાવ થતો જોવા મળે છે. હોલમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમાનું દર્શન થાય છે.

વળી હોલની પાછળના જંગલ જેવા રળિયામણા માર્ગમાં એક નાનકડી ગુફા જેવું સ્થાન જોવા મળે છે. જ્યાં સ્વામીશ્રી શિવપાદાનંદજી ઘણીવાર એકાંતવાસ કરે છે. અને આત્મિક રીતે સાધના જીવનમાંથી પણ તેઓ એકાંતવાસને ઇચ્છે છે અને અનુભવે છે.

બન્ને સ્થાનો સવારે છ થી સાડાનવ સુધી ખુલ્લાં રહે છે. સેન્ટરને પોતાનું પ્રેસ છે. જ્યાંથી જ્યોતિ નામનું મેગેઝીન બહાર પડે છે. પુસ્તકો પણ છપાય છે.

સ્વામીશ્રી શિવાપાદાનંદજી દરરોજ સવારે નવ વાગ્યા સુધી પોતાની સાધનામાં જ સમય વિતાવે છે. માનવસેવા એ જ પ્રભુસેવા છે, એવું તેઓશ્રી માને છે.

સ્વામીશ્રી શિવપાદાનંદજીના લોખંડી આકર્ષક વ્યક્તિત્વથી જનતા શ્રી રામકૃષ્ણદેવ પ્રતિ પ્રેમ અને આદરનો અભિગમ રાખે છે.

જ્યારે જ્યારે અમારે પ્રવચન માટે જવાનું થતું ત્યારે ત્યારે હોલમાં ભજનકીર્તનનો કાર્યક્રમ ચાલુ રહેતો. અમને હોલની બહાર બેઠકના સ્થાનમાં પાંચદશ મિનિટ બેસાડવામાં આવતા.



પછી સ્વામીશ્રી શિવપાદાનંદજી જેઓ કાર્યક્રમમાં બેઠા હોય તેઓ સૌને ભજન ધૂન પૂર્ણ થતાં જાણ કરતા. જાણ કરવાની એમની રીત અનોખી હતી. તેઓ માઇક ઉપરથી જાહેર કરતાં જણાવતા કે ભારતથી પધારેલા મહાન સંત શ્રી યોગેશ્વરજી મહારાજ હવે પ્રવચન માટે પધારશે તો સૌ ઊભા થાઓ, એમ કહીને પોતે પણ ઊભા થઇ જતા. પૂ.શ્રીના પ્રવેશ પછી પ્રણામ કરતા અને સત્સંગ સ્થળની બેઠક તરફ દોરી જતા. એ જ રીતે પ્રવચન પૂર્ણ કરીને વિદાય લેવાની ક્ષણે પણ હોલમાં બેઠેલા વિશાળ શ્રોતાવર્ગને ઊભા કરતા. અમને હોલની બહાર પોતાની બેઠકના અલગસ્થાનમાં લઇ જતા, અને પોતાની જ બેઠક ઉપર પૂ.શ્રી યોગેશ્વરજીને આગ્રહ કરીને બેસાડતા. પોતે બાજુની બેઠક ઉપર બેસતા. શ્રોતાઓને ઇશારો કરીને આપતા.

જે મહાપુરુષ હોય છે તેના હૃદયમાં બીજાની મહાનતાને માપવાની અને તેને નમ્રાતિનમ્ર બનીને આવકારવાની વિરલ શક્તિ હોય છે. એજ શક્તિ વિદેશમાં વસતા એ સાચા મહાપુરુષ સ્વામી શ્રી શિવપાદાનંદજીમાં પણ જોવા મળી. પોતાના વિશાળ ચાહક વર્ગ સામે અન્ય સંતપુરુષને પ્રણામ કરીને પોતાનું જ આસન આપવાનું કાર્ય ને સૌને પ્રણામ કરવાનું સૂચન તો જે સાચા સંત છે તે જ કરી શકે છે.

પૂ. શ્રી યોગેશ્વરજી તો અમારા આધ્યાત્મિક પિતા જેવા લાગે છે. એમને જ સાંભળવા જોઇએ. એમના સંપ્રદાયવિહીન ઉપદેશ જ્ઞાનથી ભરેલા છે. એવા એવા ભાવ સાથે સ્વામી શ્રી શિવપાદાનંદજીએ પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોનું આયોજન કર્યું.

ઇ.સ.૧૯૪૨થી જે રીતે શ્રી રામકૃષ્ણદેવનો જન્મોત્સવ

ઉજવાતો તે પ્રણાલિકામાં ફેરફાર કરીને તે ઉત્સવમાં ફક્ત પૂ. શ્રી યોગેશ્વરજીનું પ્રવચન **ધર્મની એકતા** ઉપર થાય એવું પણ આયોજન તેમણે કર્યું એ એમના વ્યક્તિત્વની મહાનતા હતી.

સ્વામીજી પોતે એક ઉચ્ચ કોટિના મહાપુરુષ છે. આધ્યાત્મિક અનુભૂતિને પામનારા સંતપુરુષ છે. સારા વક્તા અને લેખક પણ છે. પોતાના મધુર કંઠે શ્રી રામકૃષ્ણદેવની ધૂન બોલાવે છે ત્યારે તેમનામાં રહેલા ભક્તપુરુષનું દર્શન થાય છે. સૌ કોઈ સાથે પ્રેમમય વ્યવહાર એ એમની લાક્ષણિકતા છે.

વિદેશની ધરતી ઉપર એવા અસામાન્ય મહાન સંતપુરુષનાં દર્શન અને સમાગમનો અમૂલ્ય લાભ મળી શક્યો. એવા નમ્ર, અનુભવી, પ્રેમાળ સંતપુરુષના શ્રીચરણોમાં વારંવાર પ્રણામ.

જે લોકોની આર્થિક સ્થિતિ વધુ સારી ન હોય, તેમના માટે તમારાથી બની શકે એટલું કરો.

સફળતા એટલે જે ગમે તે મળે. સુખ એટલે જે મળે તે ગમે.

શ્રી યોગેશ્વર કૃપા
a સદીપ વલ્ડીંગ વર્ક્સaa
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# મા સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ

**શ્રી ઈશ્વરભાઈ ભક્ત**

શ્રી ઈશ્વરભાઈ ભક્તે (પૂ. શ્રી યોગેશ્વરજીએ તેઓને 'પરમાર્થી' નામ આપેલું) પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષે આ લેખ સને ૧૯૮૨ માં—એટલે કે ૨૭ વર્ષ પહેલાં લખેલો. પૂ. માનો તે પ્રારંભિક સાધનાનો સમય હતો. છતાં એક સર્વોચ્ચ સાધકનાં લક્ષણો તેઓમાં હતાં, તેનું યથાર્થ દર્શન શ્રી પરમાર્થીએ તે સમયે કરેલું, તે ખરે જ એમની ઊંચી ને ઊંડી આધ્યાત્મિક સૂઝનું પરિણામ હતું, એમ આજે લાગે છે.

આ ૨૭ વર્ષોમાં પૂ. માએ તો ઘણા અદ્‌ભુત કહી શકાય તેવાં કીર્તિમાન સીમાચિહ્નો—આધ્યાત્મિક સાધનાક્ષેત્રે પ્રસ્થાપિત કર્યા છે, તે આશ્ચર્ય ઉપજાવે તેવા છે. પૂ. માનો છેલ્લાં સાડા પચ્ચીસ વર્ષથી અન્ન અને મીઠાનો સંપૂર્ણ ત્યાગ, વર્ષમાં ૧૨૫ દિવસ પાણી વગરના ઉપવાસો, ખાંડનો પણ ત્યાગ. તો છેલ્લા ૧૪ વર્ષ કરતાં અધિક સમયથી સંપૂર્ણ મૌન સાથે સાથે તેર કરોડ જપનો કઠોર સંકલ્પ. ( જે હવે પૂર્ણ થવામાં છે.) આમ છતાં લોક

હિતાર્થેની અનેકવિધ પ્રવૃત્તિઓ નેત્ર અને નિદાનયજ્ઞો, ગરીબોને અન્ન અને વસ્ત્ર વિતરણ તેમજ આદિવાસી બાળકોને દફ્તર—સ્વેટર વિતરણ, જયપુર ફૂટના વિકલાંગો માટેના યજ્ઞો જેવા કાર્યક્રમો થતા જ રહે છે. તેમની પ્રણામભક્તિની પ્રણાલિ સાચે જ અનોખી અને અદ્‌ભુત છે, એવા પૂ. માને કોઈ સાચા સંત જ ઓળખી શકે. જો કે આ બધી તો બાહ્ય ઉપલબ્ધિઓ છે. પૂ. મા ભીતરમાં કેટલું પામ્યાં છે તેનો તાગ તો કોણ મેળવી શકે?

આવાં આપણાં મા વિષે પ્રા. શ્રી તરલાબેન દેસાઇએ જે સવિસ્તર લેખ લખ્યો છે તેને આ અંકમાં જ સ્થાન આપ્યું છે. રસ ધરાવતા સાધકો તે ધ્યાનપૂર્વક વાંચે, વિચારે તેવી પ્રાર્થના છે.

તેમાં સ્વર્ગારોહણનો પરિચય, પ્રવૃત્તિઓ, માનવતાલક્ષી સેવાયજ્ઞો ઉપરાંત પૂ. માની સાધના વિષેની સુચારૂ સમજ જોવા મળશે.

**—તંત્રી**

પૂર્વાશ્રમનું નામ સરોજબહેન. આજે માંડ ચાલીસ વર્ષની ઉંમર હશે. આટલી નાની વયમાં જ સમસ્ત ગુજરાતમાં તેઓ પૂજ્ય મનાવા લાગ્યા એ ઘટના (શ્રી રામકબીર) ભક્ત સમાજને માટે ગૌરવરૂપ છે. ભક્ત સમાજના જ એક સભ્યકુળમાં તેમનો જન્મ થયેલો. પિતાશ્રીનું નામ શ્રી કાલીદાસ ભક્ત. ત્યાગ કર્યા પછી નામ બદલાઇ જાય. બધાં ત્યાગ નથી કરી શકતાં. ત્યાગ તે જ કરી શકે જેણે મોહ, માયા, મમતાની નિરર્થકતાને ઓળખી લીધી હોય અને પરમાત્મા સાથે અનન્ય રીતે સ્નેહ બાંધ્યો હોય! પરમાત્માના દર્શન કર્યા વિના રહેવાય જ નહિ એવી અવસ્થા થઇ જાય ત્યારે ત્યાગનો માર્ગ સહજ બને. વળી ત્યારે ભારતીય પ્રણાલિકા પ્રમાણે ગુરુ નવું નામાભિધાન કરે. વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. ગુરુએ વિવેકાનંદ નામ પ્રદાન કર્યું. જગત નરેન્દ્ર તરીકે તેમને ઓળખતું નથી. નરેન્દ્ર તરીકેનું વ્યક્તિત્વ જ લોપ પામી ગયેલું. ગુરુની પરાત્પર શક્તિએ તેમનામાં સંક્રાન્ત થઇ જગતને એક અનોખા વ્યક્તિત્વની ભેટ ધરી. જ્ઞાનની પ્રભાએ ઝળહળિત સ્વરૂપે સિંહ સમાન વ્યક્તિત્વને પ્રકાશિત કર્યું તેને જ લોકો વિવેકનંદ કહે છે. ત્યાગ કર્યા પછી સરોજબહેન સરોજબેન રહ્યાં જ નહીં, ન રહ્યાં કોઇનાં બેન ને ન રહ્યાં કોઇની



કુળનાં નહીં, પણ સમસ્ત ગુજરાતના લોક હૃદયના પાત્ર બન્યાં. શ્રી વિભૂષિત કરી એવા અદકાં વ્યક્તિત્વને ગુરુ યોગેશ્વરજીએ પ્રકાશિત કર્યું કે જેની ઓળખાણ મા સર્વેશ્વરીના નામથી એમણે કરાવી.

લૌકિક રીતે આપણી વચ્ચે જ રહ્યાં, ભણ્યાં ને ગણ્યાં, યુનિવર્સિટીનાં ગ્રેજ્યુએટ થયા પછી તેમને માનભેર કવિ ઉમાશંકર જોષી પારિતોષિક પ્રદાન કર્યું. ત્યારે પછી બી. એડ. ની ડીગ્રી પણ એનાયત થઇ. શિક્ષણક્ષેત્રે બાર વર્ષ સુધી સેવા પણ

આપી. શિક્ષિકાગણનાં આદરપાત્ર બન્યાં! સંસ્થાના નેતાગણના સન્માનનીય બન્યાં! તેથી જ ત્રણ ત્રણ વાર આપેલું તેમનું રાજીનામુ સંસ્થાના પ્રમુખે સ્વીકાર્યું ન હતું. તેમના જેવા આચાર્ય ફરીવાર ન મળે એ હેતુથી તેમને અનેક સુવિધાઓ પ્રદાન કરવાની લાલચ પણ મળી, પરંતુ તેમને કોઇ રોકી શક્યું નહિ. રામરસાયણ કરી પીનારને કોણ રોકી શકે? તેમને માટે ત્યાગ ખરેખર સહજ બન્યો. ગુરુને ચરણે સર્વ સમર્પણ કરી પ્રભુદર્શનની ઝંખના તૃપ્ત કરવાની તાલાવેલી એટલી બધી તીવ્રતમ હતી કે તેમનાથી ત્યાગ સિવાય અન્ય પગલું ભરી જ ન શકાયું!

આ બધી વાર્તા વાંચી વાચકવર્ગને કદાચ આશ્ચર્ય પણ થાય. ત્યાગ વૈરાગ્ય વિના ટકતો નથી એ વાત સાચી છે. તેમનું મન પહેલેથી જ સંસારના વિષયોમાંથી ઉપરામ પામ્યું જ હતું. મનમાં વિરાગની માત્રા દિન પ્રતિદિન દઢપણે વધતી જ જતી હતી. નોકરી છોડી દઇ ત્યાગ કરવાના નિર્ણયો તેમણે ઘણીવાર કર્યા હતા.

પરંતુ તેમને ગુરુની આજ્ઞા મળતી ન હતી. ઇ.સ. ૧૯૭૭માં ગુરુએ તેમને રોજનીશીમાં સ્વહસ્તે લખી આપ્યું હતું

કે "ઈ.સ. ૧૯૭૯ના ડિસેમ્બરમાં ગુરુસેવાને નિમિત્ત બનાવી, સંસારનો ત્યાગ કરી શકશો." મારી હાજરીમાં આ લખાણ થયેલું. મને તે ઘટનાના સાક્ષી બનવાનું પુણ્ય પ્રાપ્ત થયું હતું. આપણા 'કબીરવાણી' ના તંત્રી પોતે જેમ શિક્ષણ ક્ષેત્રે તેમના સેવા કાર્યના સાક્ષી રહ્યા છે તેમ તેની આધ્યાત્મિક ક્ષેત્રની પ્રગતિના સાક્ષી બની રહેવાની સુવર્ણ તક મને પરમાત્માએ આપી છે. જે પ્રમાણે રોજનીશીમાં વર્ષ, માસ ને દિવસ નોંધાયેલ તે જ પ્રમાણે ઘટના બની. યોગેશ્વરજીનાં દર્શન નિમિત્તે રજાના દિવસે તેઓ અમદાવાદ ગયેલાં. એકાએક ગુરુને હાર્ટ એટેક થયો. ઈસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા. શાળામાં આચાર્ય તરીકે ચાલુ રહેવું કે ગુરુની સેવા અર્થે કાયમને માટે ત્યાગ કરવો એ

સમસ્યા મનમાં ઉદ્ભવી. ગુરુની આજ્ઞા પણ કેવી રીતે લેવી? ગુરુ તો બેભાન અવસ્થામાં છે. અંતરાત્માએ ત્યાગનો માર્ગ ચીંધ્યો ને ગુરુસેવાનો અણમોલ લ્હાવો તેઓ લઈ શક્યાં!

સામાન્ય રીતે જગતની કોઈ પણ વ્યક્તિ આટલી આસનીથી ને સાહજિકતાથી મોભાદાર પદનો ત્યાગ કરી શકતી નથી. સંસારની માયા મોહિની નિર્ણય કરતી વખતે સામે ખડી થાય. તેને બધી બાજુથી વિચાર કરવાની ફરજ પાડે છે પરંતુ મા સર્વેશ્વરીને એ તત્ત્વો નડ્યાં જ નહીં! જાણે કે સહુ નિશ્ચિત જ હતું! કેટલી બધી સહજ રીતે તેમણે ત્યાગને સન્માન્યો! બીજે દિવસે શું પહેરીશ તેનો પણ વિચાર ન કર્યો! તરત જ રાજીનામું લખી સેવામગ્ન થઈ ગયાં. વિવાહ કરવો તો પરમાત્મા સાથે, નહીં તો નહીં! ગ્રેજ્યુએટ થયા પછીનો તેમનો આ નિર્ણય અડીખમ રહ્યો. તેમને કોઈ ડગાવી શક્યું નહી. ગુરુના શરણમાં રહેનારની ખુદ હરિએ પણ સેવા કરવી પડે, તે કહેવત જાણે કે



ચરિતાર્થ બની. વિના માંગ્યે સાડીઓ, ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો ને હજારો રૂપિયાની આર્થિક સહાય વિભિન્ન સ્વરૂપે સામે આવીને વિનવણી કરવા લાગી. બીજી તરફ વણમાગી સહાયને તેઓ પાછી ઠેલવી રહ્યાં છે! નથી સ્વીકારતાં સાડી, વસ્ત્રો કે નાણાં! કાંઈ જ ખપતું નથી. માત્ર ભક્તિ. કેવી અપરિગ્રહ વૃત્તિ! કેટલો બધો પાકો વૈરાગ્ય કહેવાય! ત્રણ દિવસ સુધી માત્ર છાસનો ગ્લાસ જ! છતાં ગુરુસેવા અવિરતપણે ચાલુ જ! રાત્રે ઊંઘ નહીં, દિવસે આરામ નહીં! કેટલી બધી તિતિક્ષા કહેવાય!

આધ્યાત્મિકતાની સિદ્ધિઓ જે કાંઈ તેમને મળી હોય તેની પાછળ તેમનું અણિશુદ્ધ પવિત્ર જીવન અને નિષ્ઠાપૂર્વક કરેલી તપશ્ચર્યા મહદ અંશે જવાબદાર છે. નોકરી કરતાં કરતાં અનન્ય ગુરુભક્તિ તેમણે ખીલવી છે. ગુરુમંત્રની અઢીસો માળા પૂરી કરીને જ રોજ પાણી પીવું એવો કડક નિયમ તેમણે પાળ્યો છે. ઘણીવાર પાણી વિના રહેવું પડ્યું છે. મળસ્કે ઊઠીને માળાઓ કરે

ખરાં, પણ શાળાનો સમય થઈ જાય એટલે અચૂકપણે શાળામાં હાજર થઈ જતાં. બબ્બે પાળીની તેઓ જવાબદારી સંભાળતાં, એટલે બાર કલાક શાળામાં સહેજે વીતી જતા. રાત્રે ઘરે જઈ માળા પૂરી કરી પછી જ પાણી લેતાં. ત્રણ મહિના સુધી માત્ર પા શેર દૂધ પર રહીને, તમામ વ્રતો ને નિયમોનું કડકાઈપૂર્વક પાલન કરતાં કરતાં તેમણે આચાર્ય તરીકેની નોકરી કરી છે. આવી મનોનિગ્રહની સાધના અવિરત પણે દસ વર્ષ સુધી ચાલુ રહી. તેથી તેઓ ગુરુકૃપાને પાત્ર થઈ શક્યાં.

રજાના દિવસોનો ઉપયોગ પણ તેમણે સાધના માટે જ કર્યો. પૂ. મોટાનું મૌન મંદિર તાપી નદીને કિનારે આવેલું છે. કમ્પાઉન્ડમાં જાહેર સાર્વજનિક સ્મશાન પણ છે. સ્થળ એકાન્ત

ને શહેરથી દૂર, એટલે રાત્રે ઘણાને ભયાનક લાગે, છતાં તેમણે મૌન મંદિરનો ઉપયોગ દર રજાઓમાં કર્યો જ. એકવીશ દિવસ સુધી ધ્યાન, ચિંતન, મનન અને નિદિધ્યાસનની તપશ્ચર્યા કરવામાં દરેક લાંબી રજાઓનો ઉપયોગ કર્યો. મૌન મંદિરના ઓરડામાં બહારનો પ્રકાશ આવી ન શકે તેવી રચના છે. બહારથી તાળુ મારી દેવામાં આવે છે. ખોરાક અગાઉથી જણાવ્યા પ્રમાણે બારી પર મૂકી જવામાં આવે છે તે બારી આપોઆપ અંદરને ભાગે ખસી આવે તેવી બનાવેલી છે. આવી એકાન્ત ઓરડીઓમાં તેમને અનેકવિધ દિવ્ય અનુભૂતિઓ થઇ છે. તે મેં તેમણે લખેલી રોજનીશીમાંથી વાંચી છે.

નાનપણથી જ તેમને ખુલ્લી આંખે પ્રકાશનાં દર્શન થતાં. પરંતુ ત્યારે તેમને સમજ ન હતી. પ્રકાશ સ્વરૂપ આત્માનો પરિચય તેમને પાછળથી થવા માંડ્યો. જેમ જેમ તેમણે કઠિન તપશ્ચર્યા કરી અને કડક વ્રત નિયમાદિનું પાલન કર્યું તેમ તેમ તેમનું મન નિર્મળ બનતું ગયું અને પ્રકાશ સ્વરૂપ આત્માનું પ્રતિબિંબ તેઓ જોઇ શકતાં થયાં. વળી નાનપણથી જ પિતાની છત્રછાયામાં તુલસીકૃત રામાયણ ગાવાની આદત પડી હતી. જેમ જેમ સમજ વધતી ગઇ તેમ તેમ રામાયણનો આનંદ પારાયણ કરીને મેળવવા લાગ્યાં. ઘણી ચોપાઇઓ કંઠસ્થ થતી ગઇ. આજે પણ તેઓ વારંવાર પારાયણ કર્યા જ કરે છે. પ્રભુએ તેમને કંઠ પણ સુંદર આપ્યો છે. પ્રાર્થનાભજનો તેમનાં સ્વભાવમાં વણાઇ ગયાં છે. તેઓ પોતે ભજનો પણ રચે છે. ભજનોના માધ્યમથી તેઓ જનસમૂહના હૃદયમાં સ્થાન પણ પામી ચૂક્યાં છે. સ્વરચિત ભજનો તેમને કંઠેથી સાંભળવા એ પણ એક લ્હાવો ગણાય છે. તેમનાં ભજનોનો એક સંગ્રહ, ''અર્ઘ્ય'' નામે ગયે



વર્ષે પ્રસિદ્ધ પણ થયો છે. તેમનાં ભજનોમાં તેમની પ્રભુ દર્શનની ઝંખના, લગની અને એ અંગેનો પ્રપત્તિભાવ સાદી સરળ લોકભોગ્ય ભાષામાં અભિવ્યક્ત થયો છે. તેમની ગુરુભક્તિ ચરમ સીમાએ પહોંચી ત્યારે તેમને ગુરુ તરફથી શું શું મળ્યું તે પણ ભજનો દ્વારા જાણી શકાય છે. ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ઈશ્વર પેટલીકરને, તેમનાં ભજનો સાંભળીને, મીરાંનાં દર્શન થયા તે પરથી તેમનાં ભજનોનું મૂલ્ય વાચકવર્ગને જણાયા વિના રહેશે નહિ. શ્રી ઈશ્વર પેટલીકરે સ્ત્રી સાપ્તાહિકમાં મા સર્વેશ્વરીનો વિસ્તૃત પરિચય આપતાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમનાં આધ્યાત્મિક અનુભવો સાંભળી સહુ કોઇને માન પેદા થાય છે એટલું જ નહિ પણ તે વંદન કર્યા સિવાય રહી શકતો જ નથી એવા પ્રકારની ભાવની ભરતીનો અનુભવ થાય છે.

પ્રભુનો પંથ તો પાવકની જ્વાળા જેવો દુષ્કર ગણાય. એ પંથે શૂરવીર જ પ્રયાણ કરી શકે. સ્ત્રીઓ તો શું પણ પુરુષો પણ આ પંથે પ્રયાણ કરી શકતા નથી. મોટા મોટા ઋષિમુનિઓની કસોટી થઇ જતી હોય તો સામાન્ય પુરુષનું તો શું ગજું? તેથી જ્યારે એક મહિલા પ્રભુપંથે પ્રયાણ કરે અને સફળતાની મંઝિલ સર કરે ત્યારે કોને ગર્વ ન થાય? છતાં જાહેરમાં આવકારતાં અને તેનું ગાન કરતાં સામાન્ય જનસમૂહ ઘણીવાર સંકોચ અનુભવે છે. કેટલીક લૌકિક માન્યતાઓ નડતર રૂપ બનતી હોય છે. સંબંધીઓને સંબંધની દિવાલ નડતી હોય છે. ટીકા, કૂથલી, ગંદીવાતનો પ્રચાર એ સામાન્ય રીતે લોકોને ગેર રસ્તે દોરનારાં પરિબળો છે. જો કે લૌકિક વાતોને બુદ્ધિજીવી માણસ મહત્ત્વ આપતો નથી, છતાંય એવી વાતોથી જનસમૂહનું માનસ અવશ્ય

દૂષિત બની જાય છે. તે કારણે જનસમૂહ પોતાની વચ્ચે રહેનારા જાજવલ્યમાન રત્નોને પારખવામાં પાછળ પડે છે. આ દૃષ્ટિએ શ્રી પેટલીકરે મા સર્વેશ્વરીના ભગવતી સ્વરૂપને પારખી સાચો પરિચય કરાવ્યો તેથી આપણે તેમના આભારી બન્યા છીએ.

આજે તો સમસ્ત ગુજરાતમાં તેમનું જગદમ્બા સ્વરૂપ વ્યાપક બનતું જાય છે સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, મોરબી, પાલનપૂર વગેરે શહેરોમાં લોકો સન્માને છે અને પૂજાર્હ ગણીને પ્રણામ કરે છે. બુદ્ધિજીવી વર્ગના પ્રતિનિધિ જેવા વકિલો, પ્રાધ્યાપકો, ઈજનેરો અને ડોક્ટરો પણ તેમનાં આવા સ્વરૂપથી પ્રભાવિત બને છે. તેમને પ્રણામ કરવામાં તેઓ ખચકાટ અનુભવતા નથી. તેમના સ્થૂળ દેહને નહીં પણ તેમનામાં પ્રફુલ્લિતપણે વિલસી રહેલ મા ભગવતીના સ્વરૂપને જ તેઓ સહુ વંદે છે. આનંદમયી મા, ગોદાવરી માતા, યોગિની દેવી, ગીતા ભારતી, ઉમા ભારતી જેવાં મહિલા સંતો આધ્યાત્મિક ક્ષેત્રે મૂલ્યવાન સેવા આપી રહ્યાં છે. મા સર્વેશ્વરી તેઓમાં પ્રમુખસ્થાને રહે એવી આશા જાગે છે. અંતે, શ્રી પેટલીકરના વચનને યાદ કરી આ લેખ પૂરો કરું છું, ''હવે બહારનું ક્ષેત્ર સ્ત્રીઓ માટે ખુલ્લું થયું છે એટલે અંતઃપ્રેરણાથી મા સર્વેશ્વરી જેવી સ્ત્રીઓ સાધના દ્વારા પ્રેરક બની રહે તેવું ગુરુસ્થાન લેતી થશે.''

એ યાદ રાખો કે આપણ સહુને પ્રભુએ કે પ્રારબ્ધવશાત જે સંપત્તિ મળેલી છે, તેના આપણે કેવળ કામચલાઉ રખેવાળ જ છીએ. પછી ભલે તે સંપત્તિ પૈસા, બુદ્ધિ કે લાગણીના સ્વરૂપની હોય. એનો શ્રેષ્ઠ ઉપયોગ—મારી દૃષ્ટિએ-આ સંપત્તિ અંગે જેઓ ઓછા ભાગ્યશાળી છે, તેમને છૂટથી વહેંચવામાં છે.

—નારાયણ મૂર્તિ



# પૂ.માની નિત્ય નોંધ

—મા સર્વેશ્વરી

## તા.૨—૧૨—૦૭ મહાબળેશ્વર

આ ધરતી ઉપર જાણે વર્ષોથી રહેતા હોઈએ એવું લાગે. જેમ જે દેહ મળે તે દેહ ગમી જાય. તેમ દેશ પણ ગમી જાય. વેશ પણ ગમી જાય.

અહીં શાંતિ જ છે. છતાં આજે પાછા એક પ્રસિદ્ધ રીઝોર્ટમાં ૩ બંગલા જોવા જવાનું બને છે.

સરસ હતા. પ્રાકૃતિક સૌંદર્ય પણ હતું. છતાં ખૂબ મોંઘા હતા. ખોટો ખર્ચ શા માટે?

જ્યાં છીએ ત્યાં સારું જ છે.

અહીં મુલાકાતીઓ નથી. અહીં સ્વર્ગારોહણના સત્કર્મની વણઝાર પણ નથી. અરે, ફોનનું વળગણ પણ નથી—શાંતિ છે.

આજે પણ ૩૩૪ માળા થઇ ગઇ. આજે મંત્રજપ કરતા કરતા ખૂબ આનંદ રહ્યો. ક્ષણિક મંત્રજપની મસ્ત દશામાં ગાય, વાછરડું અને શ્રી જલારામબાપાની ઝાંખી થઈ.

કલ્પના તો ન હતી છતાં એવી ઝાંખી થઈ છે.

આ શિયાળો છે. પર્વતીય પ્રદેશ છે. છતાં ધાર્યા કરતા જરા પણ ઠંડી નથી. સરસ વાતાવરણ છે.

આજકાલ યુવાનબેનોએ એકલા રહેવું હોય તો કેવી રીતે જાગ્રત રહેવું પડે તેની ચર્ચા થઇ છે.

મા સમજાવતાં લખે છેઃ આપણી ફરતે સતત એક અગ્નિનું વર્તુળ રાખવું પડે. એની જ્વાલાથી જ કોઇ હિંમત ના કરે.

આપણી રક્ષા આપણે જાતે જ કરવી પડે. પ્રાર્થના અને પવિત્રતા. શ્રદ્ધા અને ધીરજ સહાયક બળ છે.

આજે એક બેન કહે મા આપની નોંધ વાંચતા તો બધુ જ જીવનમાં ઉતારવાનું યાદ આવે. પણ ઘરે જતાં જ પાછા ઘરના
વડીલો ઉપર ગુસ્સો ને ચર્ચા શરુ જ થઇ જાય. ત્યારે બચવા શું કરવું?

માઃ—ૐ મા રક્ષમામ્ મંત્ર જ મોટે મોટેથી બોલાવા માંડો. જેથી બધા જ તે જપવા માંડે અને વડીલોની સામે જો બોલાઇ જાય તો તરત જ નીચા નમીને ક્ષમા માગીને કહી દો. પપ્પા, હું તો તમારી દીકરી છું. મને ક્ષમા કરો.

રાતે સૂતા પહેલાં હિસાબ ચૂક્તે કરી દો. સવારે ધારો કે આપણે જ ના ઉઠયાં તો ! એટલે બધા જીવે છે ત્યાં સુધી ચૂક્તે કરતા રહો. જેથી દેવું લઇને પાછું ના આવવું પડે. નાનામાં નાના નમ્ર બનીને ક્ષમા માંગતા શીખી જાવ, તો બંને પક્ષે શાંતિ. હાશ. કડવાશનો નાશ અને મિઠાસની હાશ.

દરરોજ જે હિસાબ સાંજને છેડે લખી દે તેને વર્ષને અંતે ઉજાગરા કરીને હિસાબો બેસાડવા કે લખવા ના પડે. જયારે જોઇએ ત્યારે રાતે હિસાબ પૂરો લખેલો જ હોય. તેને કોઇ ભાર ના રહે. તપાસનારને પણ નિરાંત.

ભક્ત કે સાધકે દરરોજ રાતે હિસાબ લખવો જ. જેથી બંને પક્ષે હાશ.

આજે શ્રી નિર્મલ પૂછે! મા આપ દરરોજ પેલી ડાયરીમાં શું લખો છો?

પ્રાર્થના.



દર્શન દઇને સમાવી લો.

કેટલા વર્ષથી લખો છો?

ઘણાં વર્ષોથી.

કેમ જમણા હાથથી લખો છો?

પ્રભુને ડાબા હાથનું મંજૂર ના હોય તો ચાલો, જમણા હાથે પ્રાર્થના લખીએ તો પ્રભુ જલ્દી સાંભળે.

ડાબો હાથ અશુભ ગણાય છે. જમણો હાથ શુકનવંતો મનાયો છે. તો ભગવાન કદી બ્હાનું કાઢીને છટકી ના જાય કે તમે ડાબા હાથે પ્રાર્થના લખતાં હતાં માટે મેં તેને મંજૂર નથી કરી.

વર્ષોથી મા એક જ પ્રાર્થના દરરોજ લખે છે. એમાં કશું જ નવીન નથી. છતાં એ પ્રાર્થનામાં કંટાળો, થાક નથી. રોજ જ થઇ જાય છે એ પ્રાર્થના.

એવી પ્રાર્થનાનો નિયમ પણ મા ને કોઇએ આપ્યો નથી. સહજ રીતે તા. ૧૮—૩—૮૪ પછી એટલે કે તા.૨૦—૩—૮૪

થી એ નિયમ અંતરતમમાંથી ઉગ્યો. અને એકધારો એ નિયમ પળાયા કરે છે. એ પ્રાર્થના ક્યારે પ્રત્યુત્તર લાવશે. તેની પણ ચિંતા નથી.

પ્રાર્થના કર્યા પછી ચિંતા ના થાય તે જ સાચી પ્રાર્થના. કહી દીધું પ્રભુને. હવે પ્રભુ જાણે. આપણે શું?

પ્રાર્થનામાં આ ભાવજગત્ હોય તો તે પ્રાર્થના સાધના બની જાય છે.

હે પ્રાર્થના પ્રેમી પ્રભુ, આપના પાવન શ્રી ચરણે પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

# અગણિત આશિષ વરસેલા છે

–ડૉ.પ્રકાશ ગજ્જર

એક સજ્જનનો આ અનુભવ તમનેય પ્રેરણા આપશેઃ ખૂણે પાટિયું ગોઠવીને એક છોકરો બેઠો હતો. એને જોઇ હું એના તરફ વળ્યો. પાટિયા ઉપર સરસ રીતે ગોઠવેલાં ફૂલ જોઇ મને આનંદ થયો. પણ એથીય વધારે આનંદ તો પેલા છોકરાના મોં ઉપર સતત રમતા સ્મિતને જોઇને થયો.

ભાવ કરવાનો મારો સ્વભાવ જ નથી. જો કે હું થોડો અકળાયેલો હતો. એકબે ચિન્તાઓએ ઉપાડો લીધો હતો. છોકરાને મેં ચાર ફૂલનો ભાવ પૂછ્યો. એણે કહ્યા એ પૈસા મેં એને આપી દીધા. ખૂબ જ કાળજીપૂર્વક એણે પાંચ ગુલાબ પ્લાસ્ટીકમાં બાંધ્યાં. એ મારા હાથમાં મૂકતાં છોકરો હસીને કહેઃ ‘સાહેબ, એક ગુલાબ મારા તરફથી.’

‘તને પાલવશે ને? ખોટ નહીં જાય ને?’ મેં એને પૂછ્યું.

‘ના સાહેબ, એક વધારાનું ગુલાબ આપ્યા પછી પણ મને થોડોક નફો તો મળવાનો જ છે. આમેય હવે દસ ગુલાબ બચ્યાં છે. એ વેચાઇ જાય એટલે હું બ્લાઇન્ડ સ્કૂલમાં ભણવા જવાનો. સાહેબ, હું બન્ને આંખે અંધ છું’

આ સાભળી હું અંદરથી હચમચી ઉઠ્યો, મેં એનાં દશેય ગુલાબ ખરીદી લીધાં. પૈસા લઇ એ મને હસીને પગે લાગ્યો ને બોલ્યો, ‘સાહેબ, આપના જેવાની સાથે થોડી પણ વાત થાય ત્યારે દિલમાં આનંદ થાય છે. મને જરાય દેખાતું નથી. પણ



અવાજ તો શું, દિલવાળા માણસનાં પગલાંથી પણ મને થોડી ઘણી ખબર પડી જાય... ચાલોજી, આપનો આભાર. મારી કોઇ ભૂલચૂક થતી હોય તો મને માફ કરજો.’

પેલું પાટિયું બગલમાં મારી એ અંધ છોકરો પોતાની સફેદ લાકડીને જમણીડાબી હલાવતો, જમીનને તપાસતો ચાલી નીકળ્યો. હું એના તરફ જોઇ રહ્યો. આટલો ભારે ટ્રાફિક, આવી ધમાલ, આડેધડ દોડતા માણસો ને એ બધાની વચ્ચે આઠનવ વર્ષનો અંધ છોકરો. અને હું વિચારતો રહી ગયો.

એ થોડે દૂરની ગલીમાં વળી ગયો ને મેં મારા પોતાના વિષે વિચાર કરવા માંડ્યો. એક નાની તકલીફ, એક સાવ અમસ્થી ગેરસમજણ થાય અને હું આકળવિકળ થઇ જાઉં, ફરિયાદ કરવા માંડુ ને મારી સાથે બીજાનો દિવસ અને દિમાગ બેય ખરાબ કરી નાખું; ને આ અંધ બાળક!

મારે દુનિયા જોવા માટે બે આંખો, સાંભળવા માટે કાન, કામ કરવા માટે બે હાથ, ચાલવા માટે પગ, વિચારવા માટે દિમાગ, ને બીજી ઘણી અનુકૂળતાઓ. પણ એ માટે કોઇ કૃતજ્ઞતા કે આનંદની અભિવ્યક્તિ નહીં અને ગમે ત્યારે વિષાદ ઘેરી વળે? કુદરતે મારા ઉપર કેટકેટલા આશિષ વરસાવ્યા છે! કેવીકેવી કૃપાઓ કરી છે! હવે ફરિયાદો બંધ, ઢીલાશને દેશવટો. મારી પાસે જે છે તેનો આનંદ માણું, પરમનો આભાર માનતો રહું. જીવન જીવી જાણું.